


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 131
Dt.: 21-01-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa


### દાયકાઓનો સૌથી મોટો ઘટાડો નોંધાયો

## ડોનાલ્ડ ટ્રમ્પ સરકારમાં ભારતીય વિદ્યાર્થીઓનો US પ્રત્યે મોહભંગ

### નિષ્ણાતોના મતે, વધતી જતી તપાસ અને પોસ્ટ-એન્ટ્રી સ્ક્રિનિંગને કારણે ૧ લાખથી વધુ વિઝા રદ કરવામાં આવ્યા છે, જેમાં ૮,૦૦૦ વિદ્યાર્થી વિઝાનો પણ સમાવેશ થાય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકામાં ઉચ્ચ શિક્ષણ મેળવવાના ભારતીય વિદ્યાર્થીઓના સપના પર ટ્રમ્પ પ્રશાસનની કડક ઈમિગ્રેશન નીતિઓએ ગ્રહણ લગાવ્યું છે. ટ્રમ્પ સરકારના બીજા કાર્યકાળના પ્રથમ વર્ષમાં જ અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓના એડમિશનમાં ૭૫% જેટલો ધરખમ ઘટાડો નોંધાયો છે, જે છેલ્લા કેટલાક દાયકાઓમાં સૌથી તીવ્ર ઘટાડો છે.અહેવાલ મુજબ, હૈદરાબાદ સ્થિત કન્સલ્ટન્સીના અરવિંદ મંડુવાએ જણાવ્યું કે, “દાયકાઓમાં પહેલીવાર આટલો તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે, જ્યાં ટોચની ૪૦ અમેરિકન યુનિવર્સિટીઓમાં અરજી કરવાથી પણ વિદ્યાર્થીઓ ડરી રહ્યા છે.’’ વિઝા રિજેક્શન દરમાં વધારો અને મર્યાદિત સ્લોટ્સને કારણે વિદ્યાર્થીઓમાં આ ખચકાટ વધ્યો છે.આ ઘટાડો માત્ર ભારતીય વિદ્યાર્થીઓ પૂરતો સીમિત નથી.

આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના કુલ આવેદનોમાં પણ ૧૯%ની કમી આવી છે, જેમાં ભારતથી આવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૪૪%નો જંગી ઘટાડો સામેલ છે. આ ઘટાડા પાછળનું મુખ્ય કારણ ટ્રમ્પ પ્રશાસનની કડક નીતિઓ છે, જેમાં વિઝા પ્રોસેસિંગમાં વિલંબ, ૧૯ દેશો પર મુસાફરી પ્રતિબંધ, વિદ્યાર્થી વિઝા અરજદારોની વધેલી તપાસ અને ડિપોર્ટેશન (દેશનિકાલ)ની ધમકીઓનો સમાવેશ થાય છે. અમેરિકી એફ-૧ સ્ટુડન્ટ વિઝાનો અસ્વીકૃતિ દર દાયકાના ઉચ્ચતમ સ્તર ૪૧% પર પહોંચી ગયો છે.આ મોહભંગ પાછળનું મુખ્ય કારણ ટ્રમ્પ પ્રશાસનની કડક ઈમિગ્રેશન નીતિઓ અને વધતી અનિશ્ચિતતા છે. નિષ્ણાતોના મતે, વધતી જતી તપાસ અને પોસ્ટ-એન્ટ્રી સ્ક્રિનિંગને કારણે ૧ લાખથી વધુ વિઝા રદ કરવામાં આવ્યા છે, જેમાં ૮,૦૦૦ વિદ્યાર્થી વિઝાનો પણ સમાવેશ થાય છે. આ કડક નીતિઓ અને અનિશ્ચિત ભવિષ્યને કારણે ભારતીય વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સ હવે અમેરિકાના વિકલ્પ તરીકે યુકે અને કેનેડા જેવા અન્ય દેશો તરફ વળી રહ્યા છે.આ પરિસ્થિતિની અસર માત્ર વિદ્યાર્થીઓ પર જ નહીં, પરંતુ અમેરિકન યુનિવર્સિટીઓ પર પણ પડી રહી છે. ભારતીય વિદ્યાર્થીઓ અમેરિકામાં આંતરરાષ્ટ્રી વિદ્યાર્થીઓનો લગભગ ત્રીજો ભાગ બનાવે છે. તેમની સંખ્યામાં ઘટાડો થવાથી યુનિવર્સિટીઓની આવક અને સંશોધન તથા નવીનતાને પણ મોટું નુકસાન થઈ રહ્યું છે.



### મહત્ત્વના કરારો પર હસ્તાક્ષર

## શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને ભારત સાથે સંરક્ષણ, અવકાશ, ઉર્જા ક્ષેત્રોને આવરી લેતા કરારો કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય રાષ્ટ્રીય અવકાશ પ્રમોશન અને અધિકૃતતા કેન્દ્ર અને અવકાશ માળખાગત વિકાસ અને વ્યાપારીકરણ માટે UAE સ્પેસ એજન્સી વચ્ચે ઉદ્દેશ પત્ર પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ ખાસ પહેલ હેઠળ, UAE અને ભારત નવા લોન્ચ કોમ્પ્લેક્સ, સેટેલાઈટ ઉત્પાદન સુવિધાઓ, સંયુક્ત મિશન, સ્પેસ એકેડેમી અને તાલીમ કેન્દ્રો બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

UAE સ્પેસ એજન્સીમાં ઘણી વિશિષ્ટ સુવિધાઓ છે. જે તેને વિશ્વની અગ્રણી સ્પેસ એજન્સીઓમાંની એક બનાવે છે. તેની સ્થાપના ૨૦૧૪માં થઈ હતી અને આટલા ટૂંકા સમયમાં, તે આરબ અને ઈસ્લામિક વિશ્વની પ્રથમ સ્પેસ એજન્સી તરીકે ઉભરી આવી છે.

તેણે ૨૦૨૦માં મંગળ ગ્રહ પર પ્રથમ આરબ મિશન લોન્ચ કર્યું અને ૨૦૨૧માં મંગળ ગ્રહની ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક પહોંચ્યું. આ બીજા ગ્રહ પર પહોંચનાર આરબ વિશ્વનું પ્રથમ અવકાશયાન હતું અને મંગળ પર પહોંચનાર વિશ્વનું પાંચમો દેશ હતો.

ભારતના અવકાશ મિશન અને એજન્સીઓ સતત નાસા અને રશિયન એજન્સીઓ સાથે સ્પર્ધા કરી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, ભારતના ISRO એ વૈશ્વિક સ્તરે પોતાની છાપ છોડી છે. UAE સ્પેસ એજન્સી અને ભારતીય અવકાશ સંશોધન સંગઠન વચ્ચે પહેલાથી જ મજબૂત સંબંધ છે. ૨૦૧૬માં એક MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જેમાં એક સંયુક્ત કાર્યકારી જૂથની સ્થાપના કરવામાં આવી હતી.

### સાત જવાન ઘાયલ, એક હવાલદાર શહીદ

## આતંકીઓ વિરુદ્ધ ભારતીય સૈન્યની મોટી કાર્યવાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ-કાશ્મીર

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડના દુર્ગમ અને બરફાચ્છાદિત પહાડોમાં સુરક્ષા દળોએ જૈશ-એ-મોહમ્મદના આતંકીઓના એક અત્યંત મજબૂત અને ગુપ્ત 'કારગિલ-સ્ટાઈલ' ફોર્ટિફાઈડ બંકરને શોધી કાઢીને ધ્વસ્ત કરી દીધું છે.

સમુદ્ર સપાટીથી ૧૨,૦૦૦ ફૂટની ઊંચાઈએ બનેલા આ ઠેકાણામાં જૈશનો પાકિસ્તાની કમાન્ડર સૈફુલ્લાહ અને તેનો સાથી આદિલ મહિનાઓથી છુપાયેલા હતા.

જ્યારે સુરક્ષા દળોએ આ ગુપ્ત બંકરની અંદર પ્રવેશ કર્યો, ત્યારે ત્યાંની સુવિધાઓ અને લોજિસ્ટિક્સ જોઈને તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા. આતંકીઓએ અહીં લાંબો સમય સુધી બહારની દુનિયાથી સંપર્ક કાપીને પણ જીવિત રહી શકાય તેવી તમામ તૈયારીઓ કરી રાખી હતી. તપાસ દરમિયાન બંકરમાંથી ૫૦ મેગીના પેકેટ, ૨૦ કિલો ઉચ્ચ ગુણવત્તાવાળા બાસમતી ચોખા, ટામેટા-બટાકા જેવી તાજી શાકભાજી અને ૧૫ જેટલા વિવિધ મસાલા મળી આવ્યા હતા, જે તેમની લાંબા ગાળાની યોજનાનો પુરાવો આપે છે.

રસોઈ માટે ગેસ સિલિન્ડર અને સૂકા લાકડાનો મોટો જથ્થો પણ ત્યાં હાજર હતો. મોટા પથ્થરોની અત્યંત મજબૂત દીવાલોથી બનેલું આ 'મિની-કિલ્લા' જેવું બંકર એવી રીતે તૈયાર કરવામાં આવ્યું હતું કે તેમાં પ્રવેશવા અને બહાર નીકળવા માટે અનેક ગુપ્ત રસ્તાઓ હતા, જેના કારણે તે સુરક્ષા દળો માટે એક મોટો પડકાર બની ગયું હતું.

રવિવારે બપોરે જ્યારે સુરક્ષા દળોએ આ ઠેકાણાને ઘેરી લીધું, ત્યારે આતંકીઓએ અચાનક ગ્રેનેડ ફેંકીને હુમલો કર્યો હતો. આ અથડામણમાં સાત જવાન ઘાયલ થયા હતા, જેમાંથી હવાલદાર ગજેન્દ્ર સિંહે ગંભીર ઈજાઓને કારણે દમ તોડ્યો હતો અને શહીદ થયા હતા. આ હુમલા બાદ અંધારાનો લાભ લઈને સૈફુલ્લાહ અને આદિલ ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. આટલી ઊંચાઈ અને દુર્ગમ વિસ્તારમાં આટલા મોટા પાયે રાશન અને ઈંધણ પહોંચાડવું સ્થાનિક મદદ વગર અશક્ય છે. તપાસ એજન્સીઓને આશંકા છે કે આતંકીઓને સ્થાનિક લોકો તરફથી લોજિસ્ટિક સપોર્ટ મળી રહ્યો હતો. હાલમાં ચાર શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી છે અને તેમની પૂછપરછ ચાલી રહી છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની કમાન્ડર સૈફુલ્લાહ છેલ્લા એક વર્ષથી આ વિસ્તારમાં સક્રિય હતો. બંકરની બનાવટ એટલી ચાલાકીભરી હતી કે ઉપરથી જોતા કોઈને અંદાજ પણ ન આવે કે નીચે રહેવા માટે આટલી મોટી જગ્યા છે. સુરક્ષા એજન્સીઓ હવે આ વિસ્તારના સમગ્ર ઓવરગ્રાઉન્ડ નેટવર્કને ખતમ કરવા માટે મોટું ઓપરેશન ચલાવી રહી છે જેથી ભવિષ્યમાં આવા ઠેકાણા ફરી તૈયાર ન થઈ શકે.

### વકીલો માટે આ કાયદાને હાથો બનવા દેવાશે નહીં

## વકીલો તેમના અસીલના કેસ માટે RTIનો ઉપયોગ કરી શકે નહીં : CIC

### મુખ્ય માહિતી કમિશનરના મતે પ્રેક્ટિસ કરતા વકીલ અસીલ માટે કેસ સંલગ્ન માહિતી ના માંગી શકે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય માહિતી પંચ (સીઆઈસી)એ મહત્વનો નિર્દેશ આપતા જણાવ્યું કે, વકીલો તેમના અસીલના કેસ સંલગ્ન કોઈપણ વિગતો માહિતી અધિકાર કાયદા (આરટીઆઈ) હેઠળ માંગી શકે નહીં. આ પ્રકારે પારદર્શિતા કાયદાનો ઉપયોગ તેના મુખ્ય ઉદ્દેશને નિષ્ફળ બનાવશે.

આ માટે સીઆઈસીએ મદ્રાસ હાઈકોર્ટના ઓર્ડરને પણ ટાંક્યો હતો જેમાં એક પ્રેક્ટિસ કરી રહેલા વકીલે તેના અસીલ માટે લડી રહેલા કેસની વિગતો આરટીઆઈ હેઠળ માંગી હતી જેને ફગવાઈ હતી. વકીલો માટે આ કાયદાને હાથો બનવા દેવાશે નહીં તેમ મુખ્ય માહિતી કમિશનરે ચુકાદામાં જણાવ્યું હતું.

હરિયાણાના જવાહર નવોદય વિદ્યાલમાં એક ફળ તથા શાકભાજીના કોન્ટ્રાક્ટરનો કરાર સમાપ્ત કરવાના સંદર્ભે વકીલે દાખલ કરેલી બીજી અપીલને ફગાવતા સીઆઈસી સુધા રાની રેલંગીએ નોંધ્યું કે, અરજકર્તાએ તેના ભાઈ વતી વિગતો માંગી હતી, જેના દ્વારા પ્રતિવાદી જાહેર સંસ્થાને ફળ તથા શાકભાજીનો પુરવઠો પૂરો પાડવામાં આવતો હતો.

પંચના મતે સપ્લાયરે જાતે વિગતોની માગણી શા માટે નથી કરી, તે બાબતની અસ્પષ્ટતા જ દર્શાવે છે કે અરજકર્તાએ તેના અસીલ વતી વિગતોની માંગ કરી છે જેને માન્ય રાખી શકાય નહીં.

મુખ્ય માહિતી કમિશનરે આ અંગે મદ્રાસ હાઈકોર્ટના ચુકાદાને પણ ટાંક્યો હતો. હાઈકોર્ટ મુજબ પ્રેક્ટિસ કરી રહેલો વકીલ તેના અસીલના કેસ સંલગ્ન વિગતોની માગણી આરટીઆઈ હેઠળ કરી શકે નહીં. સીઆઈસીના મતે વકીલ આ રીતે આરટીઆઈ કાયદાને હાથો બનાવશે તો તેનો મુખ્ય ઉદ્દેશ નિષ્ફળ જશે.

આરટીઆઈ કાયદાનો ઉપયોગ વ્યક્તિગત લાભ માટે કરી શકાય નહીં. જાહેર સંસ્થાએ દાવો કર્યો હતો કે, આગના બનાવમાં સંખ્યાબંધ રેકોર્ડ્સ ખાખ થઈ ગયા હતા અને વ્યક્તિગત વિગતોને છૂટ હેઠળ આપવાની મનાઈ હતી. માહિતી પંચને સીપીઆઈઓએ જાહેર કરેલી માહિતીમાં કોઈ જ ખામી જણાઈ નહી તેથી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

## ગાઝા બોર્ડ ઓફ પીસ બોર્ડમાં સામેલ થવા ફ્રાસ અને કેનેડાનો ઈનકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મહત્ત્વાકાંક્ષી 'ગાઝા બોર્ડ ઓફ પીસ' યોજનાને શરૂઆતમાં જ મોટો ઝટકો લાગ્યો છે. ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને આ બોર્ડમાં સામેલ થવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે.

આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ આ બોર્ડને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ ના વિકલ્પ તરીકે જોવામાં આવી રહ્યું છે તે માનવામાં આવે છે. આ ઉપરાંત બોર્ડની સ્થાયી સદસ્યતા માટે એક બિલિયન ડૉલર (આશરે ૯૦૦૦ કરોડ રૂપિયા)ની ફી પણ વિવાદના કેન્દ્રમાં છે.

એક રિપોર્ટ અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પ દાવોસમાં આયોજિત કાર્યક્રમમાં આ બોર્ડ પર હસ્તાક્ષર કરાવવા માંગતા હતા. પરંતુ ફ્રાન્સના ઈનકારથી તેમની યોજના પર પાણી ફરી વળ્યું છે. આ નિર્ણયથી નારાજ થઈને ટ્રમ્પે ફ્રાન્સની વાઈન અને શેમ્પેન પર ૨૦૦ ટકા ટેરિફ લગાવવાની ધમકી આપી દીધી છે. મેક્રોન પર કટાક્ષ કરતા ટ્રમ્પે કહ્યું કે, 'કોઈ પણ તેને નથી ઈચ્છતું, કારણ કે તે ટૂંક સમયમાં ઓફિસમાંથી બહાર થવાના છે. હું તેની વાઈન અને શેમ્પેન પર ૨૦૦ ટકા ટેરિફ લગાવીશ અને તે સામેલ થઈ જશે.' સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી, પરંતુ માનવામાં આવી રહ્યું છે કે ફ્રાન્સે આ નિર્ણય એટલા માટે લીધો છે કારણ કે આ બોર્ડ UNSCના પ્રતિસ્પર્ધી તરીકે ઉભરી શકે છે. જો મેક્રોન આમંત્રણ નકારી કાઢે છે, તો તેની અસર યુરોપના અન્ય ઘણાં દેશોના નેતાઓના નિર્ણય પર પણ પડી શકે છે.ભારતે ગાઝા પર આંતરરાષ્ટ્રીય શાંતિ બોર્ડની રચના અંગે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આમંત્રણ પર હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી.

### સ્કૂલના હેડ ટીચરનું જ અપમાનજનક વલણ

## લંડનમાં તિલક લગાવતા હિન્દુ વિદ્યાર્થીને શાળા છોડવા મજબૂર કરાયો

### બાળકના માતા-પિતાએ અન્ય હિન્દુ વાલીઓ સાથે મળીને સ્કૂલના સત્તાધીશોને હિન્દુ રીત-રિવાજો અને તિલકનું મહત્ત્વ સમજાવવા વારંવાર પ્રયાસો કર્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)લંડન,

યુનાઈટેડ કિંગડમની રાજધાની લંડનમાંથી ધાર્મિક અસહિષ્ણુતાનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. લંડનની એક પ્રાથમિક સ્કૂલમાં માત્ર ૮ વર્ષના હિન્દુ વિદ્યાર્થીને તેના માથા પર તિલક (ચાંદલો) કરવા બદલ ભેદભાવનો સામનો કરવો પડ્યો છે. આ સ્થિતિ એટલી હદે વણસી હતી કે અંતે બાળકે સ્કૂલ બદલવાની ફરજ પડી હતી.

બ્રિટિશ હિન્દુ અને ભારતીય સમુદાયનું પ્રતિનિધિત્વ કરતી એક સંસ્થાના જણાવ્યા અનુસાર, લંડનની વિકાર્સ ગ્રીન પ્રાઈમરી સ્કૂલના કર્મચારીઓએ માસૂમ બાળકને તેની ધાર્મિક પરંપરાઓ અંગે ખુલાસો આપવા દબાણ કર્યું હતું. સંસ્થાએ આક્ષેપ કર્યો છે કે સ્કૂલના હેડ ટીચર રિસેસ દરમિયાન સતત બાળક પર નજર રાખતા હતા, જેના કારણે ૮ વર્ષનો બાળક ભયભીત થઈ ગયો હતો.

સ્કૂલના હેડ ટીચર દ્વારા રખાતી સતત દેખરેખ અને દબાણને કારણે ૮ વર્ષનો માસૂમ બાળક એટલો ભયભીત થઈ ગયો હતો કે તેણે અન્ય સાથીદારો સાથે રમવાનું બંધ કરી દીધું અને તે સાવ એકલવાયો પડી ગયો હતો. એટલું જ નહીં, એવો પણ ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે કે માત્ર તેની ધાર્મિક માન્યતાઓ અને પરંપરાઓને કારણે બાળકને સ્કૂલમાં સોંપવામાં આવેલા જવાબદારીભર્યા હોદ્દાઓ પરથી પણ હટાવી દેવામાં આવ્યો હતો, જે બાળકના માનસિક સ્વાસ્થ્ય માટે અત્યંત આઘાતજનક સાબિત થયું છે.

અહેવાલો મુજબ, બાળકના માતા-પિતાએ અન્ય હિન્દુ વાલીઓ સાથે મળીને સ્કૂલના સત્તાધીશોને હિન્દુ રીત-રિવાજો અને તિલકનું મહત્ત્વ સમજાવવા વારંવાર પ્રયાસો કર્યા હતા.

જોકે, સ્કૂલ પ્રશાસને આ બાબતે કોઈ પણ પ્રકારની રુચિ દાખવી નહોતી. સંસ્થાના પ્રવક્તાએ જણાવ્યું કે, 'કોઈ પણ બાળકને પોતાના ધર્મના કારણે દેખરેખ હેઠળ કે અલગ-થલગ અનુભવવું ન જોઈએ. આવા અનુભવો બાળકના માનસપટ પર ઊંડી નકારાત્મક અસર કરે છે.' આ સંસ્થાએ વધુમાં દાવો કર્યો છે કે વિકાર્સ ગ્રીન પ્રાઈમરી સ્કૂલમાં આ પહેલી ઘટના નથી. ધાર્મિક ભેદભાવ અને સંવેદનહીન વાતાવરણને કારણે અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ચાર હિન્દુ બાળકોએ આ સ્કૂલ છોડવી પડી છે. હિન્દુ રીત-રિવાજો પર વારંવાર સવાલો ઉઠાવીને તેમને સન્માન આપવાને બદલે નકારી કાઢવામાં આવ્યા હોવાનો ગંભીર આરોપ સ્કૂલ પર લાગ્યો છે.

## બાંગ્લાદેશમાં કેળાં ચોર્યાનો આરોપ લગાવી હિન્દુ વેપારીને મારી નાખ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

બાંગ્લાદેશના ગાઝીપુર જિલ્લામાં હિન્દુ વેપારી સાથે નજીવા મુદ્દે તકરાર કરી માર મારી નાખવાની ઘટના બની છે. ઝાડ પરથી કેળાં ચોર્યા હોવાનો આરોપ લગાવી પતિ-પત્ની અને પુત્ર ક્રૂરતાપૂર્વક લઘુમતિ વેપારી પર તૂટી પડ્યા હતા. તેને ક્રૂરતાપૂર્વક માર મારી રહેંસી નાખ્યો હતો. ગાઝીપુરના કાલિગંજ વિસ્તારમાં લિટન ચંદ્ર ઘોષ (ઉ.વ. ૫૫) બૈસાખી સ્વીટમીટ એન્ડ હોટલ નામથી દુકાન ધરાવે છે. આ જ વિસ્તારમાં રહેતા સ્વપ્ન મિયા (ઉ.વ. ૫૫), તેની પત્ની માજેદા ખાતુન (ઉ.વ. ૪૫) અને દીકરો માસુમ મિયા (ઉ.વ. ૨૮) કેળાનું ઝાડ ધરાવે છે. તેઓ શનિવારે લિટનની દુકાન પર આવ્યા હતા અને તેની દુકાનમાં જોવા મળેલી કેળાની લૂમ પોતાના ઝાડ પરથી ચોરી હોવાનો આરોપ લગાવ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ, મિયા પરિવારે લિટનને મુક્કા અને લાતો મારી હતી. જેના કારણે તે જમીન પર પડી ગયો હતો અને સ્થળ પર જ મોત નીપજ્યુ હતું. બાંગ્લાદેશમાં લઘુમતીઓની સલામતી બાબતે ચિંતાજનક માહોલ ઊભો થઈ રહ્યો છે.




# તંત્રી લેખ......

## પાકિસ્તાનથી સાવધાન રહો, આતંકવાદની કરોડરજ્જુ તોડવાનું બાકી છે

જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાના ગાઢ જંગલોમાં છુપાયેલા આતંકવાદીઓ સાથેની અથડામણમાં એક સૈનિકનું બલિદાન અને આઠ સૈનિકોના ઘાયલ થવાથી ફરી એકવાર એ હકીકત પર ભાર મૂકવામાં આવ્યો છે કે આ રાજ્યમાં આતંકવાદની કરોડરજ્જુ હજુ પણ તૂટી નથી. નિઃશંકપણે, ઓપરેશન સિંદૂર પછી આતંકવાદી પ્રવૃત્તિઓમાં થોડો ઘટાડો થયો છે, પરંતુ હકીકત એ છે કે તે સંપૂર્ણપણે સમાપ્ત થઈ નથી. પરિણામે, આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણો ચાલુ રહે છે. કાશ્મીરમાં આતંકવાદની કરોડરજ્જુને સંપૂર્ણપણે તોડી ન શકવાનું એક મુખ્ય કારણ પાકિસ્તાન છે, જે માત્ર આતંકવાદીઓની ઘૂસણખોરીને જ સરળ બનાવતું નથી, પરંતુ ધર્મના આડમાં કાશ્મીરી યુવાનોને શસ્ત્રો ઉપાડવા માટે પણ ઉશ્કેરે છે. સમસ્યા એ છે કે આતંકવાદના સમર્થકો હજુ પણ કાશ્મીરમાં અસ્તિત્વ ધરાવે છે. તેઓ પાકિસ્તાનના કાર્યને સરળ બનાવે છે અને આતંકવાદીઓને સમર્થન અને રક્ષણ પૂરું પાડે છે. કિશ્તવાડના જંગલોમાં છુપાયેલા આતંકવાદીઓને સ્થાનિક તત્વો તરફથી મદદ મળી હોય તે સ્વાભાવિક છે. આતંકવાદીઓના આવા સમર્થકો સામે સમયાંતરે કાર્યવાહી કરવામાં આવે છે, પરંતુ તેમની આસપાસનો ફંદો કડક કરવાની જરૂર છે. આ કાર્ય પ્રાથમિકતાના ધોરણે હાથ ધરવામાં આવવું જોઈએ, અને સફળતા ત્યારે જ પ્રાપ્ત થશે જ્યારે આતંકવાદીઓના ખુલ્લેઆમ અને છુપાયેલા સમર્થકો પર નજીકથી નજર રાખવામાં આવશે. આ કાર્યમાં ગુપ્તચર એજન્સીઓની ભૂમિકા મહત્વપૂર્ણ બની જાય છે. ઓપરેશન સિંદૂર પછી, પાકિસ્તાન જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી પ્રવૃત્તિઓમાં તેની સંડોવણીને નજરઅંદાજ ન થાય તે માટે સતર્ક બન્યું છે. આ માટે, તે કાશ્મીરી યુવાનોની ભરતી કરવાની અને તેમને પ્રેરણા આપવાની રણનીતિ પર ભાર મૂકી રહ્યું છે. આ સંદર્ભમાં, તે પોતાના પ્રદેશોમાં આતંકવાદી તાલીમ શિબિરો ચલાવી રહ્યું છે. થોડા દિવસો પહેલા જ, ભારતીય સેના પ્રમુખે ખુલાસો કર્યો હતો કે પાકિસ્તાન આઠ આતંકવાદી તાલીમ શિબિરો ચલાવી રહ્યું છે.આમાંથી બે આંતરરાષ્ટ્રીય સરહદ નજીક અને છ નિયંત્રણ રેખા નજીક સ્થિત છે. તેમનો અંદાજ છે કે ૧૦૦ થી ૧૫૦ આતંકવાદીઓ આ શિબિરોમાં તાલીમ મેળવી રહ્યા હોઈ શકે છે.

ભારત માટે આ આતંકવાદી ઠેકાણાઓના સ્થળોનો ખુલાસો કરવો અને પાકિસ્તાનને ચેતવણી આપવી યોગ્ય રહેશે કે તેની ભારત વિરોધી પ્રવૃત્તિઓ તેનાથી છુપાયેલી નથી. ભારતે પાકિસ્તાન સામે સતર્ક રહેવું જોઈએ કારણ કે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય સેનાના હાથે ભારે હારનો સામનો કરનાર પાકિસ્તાની સેના પ્રમુખ ભારત પર બદલો લેવા માટે ઉત્સુક હશે. એવી પ્રબળ શક્યતા છે કે તેઓ જમ્મુ અને કાશ્મીરમાં કંઈક મોટું કાવતરું ઘડી રહ્યા હોઈ શકે છે. આવા કાવતરાને નિષ્ફળ બનાવવું જ જોઈએ, પરંતુ પાકિસ્તાનની હિંમતને પણ દબાવવી જોઈએ. આમાં સફળ થવા માટે, તેણે એક નવો સંદેશ મોકલવો જોઈએ કે ભારતને અસ્થિર અને વિક્ષેપિત કરવા માટે તેને ભારે કિંમત ચૂકવવી પડશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભૂકંપ બાદ કચ્છની થઈ કાયાપલટ, સહકારી ક્ષેત્રે સરહદ ડેરી લાવી સકારાત્મક પરિવર્તન

# કચ્છની સરહદ ડેરીમાં છે ભારતનો પ્રથમ કેમલ મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ; ઊંટડીના દૂધનો રાજભોગ આઈસક્રીમ બનાવતી દેશની એકમાત્ર ડેરી

**સહકારથી સમૃદ્ધિઃ સરહદ ડેરીએ ૯૦૦ દૂધ મંડળીઓ અને ૩૧,૦૬૭ પશુપાલકોના બૅંક ખાતા ખોલ્યા; ૪૩૮ મંડળીઓને માઈક્રો એટીએમ મળ્યા**








૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ આવેલા વિનાશક ભૂકંપે કચ્છને એ હદે તારાજ કર્યું કે, કચ્છ ફરી બેઠું થશે કે કેમ એવો સવાલ દરેકના મનમાં હતો. જો કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આ પ્રદેશની એવી કાયાપલટ થઈ કે, કચ્છ વિકાસ, આત્મનિર્ભરતા અને સહકારી સમૃદ્ધિનું ઉત્તમ ઉદાહરણ બની ગયું છે. તેમના નેતૃત્વમાં કચ્છ પ્રવાસન, ખેતી, સહકારી જેવા ક્ષેત્રે અગ્રેસર જિલ્લો બન્યો છે. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં કચ્છની વિકાસયાત્રાને વધુ વેગ મળ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ભૂકંપ બાદ કચ્છના સહકારી ક્ષેત્રમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં શ્રી કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ એટલે કે સરહદ ડેરીની નોંધપાત્ર ભૂમિકા રહી છે. ૨૦૦૯માં શ્રી વલમજી હુંબલ દ્વારા સ્થાપિત સરહદ ડેરી કચ્છની સૌથી મોટી સહકારી સંસ્થા છે અને જિલ્લાના પશુપાલકો માટે આજીવિકાનો મહત્વપૂર્ણ સ્રોત છે.

**સરહદ ડેરી ૮૦,૦૦૦ દૂધ ઉત્પાદકો પાસેથી દરરોજ ૫.૫ લાખ લિટર દૂધ મેળવે છે**

સરહદ ડેરી ૯૦૦થી વધુ સહકારી મંડળીઓ મારફતે દરરોજ આશરે ૮૦,૦૦૦ દૂધ ઉત્પાદકો પાસેથી ૫.૫ લાખ લિટર જેટલું દૂધ એકત્ર કરે છે. ડેરીમાં દરરોજ ૪ લાખ લિટર દૂધનું પ્રોસેસિંગ થાય છે અને અહીં ૩૦૦ ટન ક્ષમતાનો પશુઆહાર (કેટલ ફીડ) પ્લાન્ટ પણ છે. આ ઉપરાંત, ડેરી દ્વારા દરરોજ ૫૦,૦૦૦ લિટર આઈસક્રીમ પણ બનાવવામાં આવે છે, જેમાં સૌથી વધુ ઉત્પાદન ૩.૩૮ લાખ લિટર પ્રતિ દિવસ નોંધાયું છે. ડેરી દ્વારા પશુપાલકોને દરરોજ અંદાજે રૂા.૩ કરોડની ચુકવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન સરહદ ડેરીએ રૂા.૧,૨૦૦ કરોડથી વધુનો ઐતિહાસિક ટર્નઓવર હાંસલ કર્યો છે, જે વાર્ષિક ૯.૦૯ ટકાનો વધારો દર્શાવે છે. સરહદ ડેરી હરિયાણા, તેલંગાણા અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં અમૂલના ડેરી પ્લાન્ટને ભેંસનું શુદ્ધ દૂધ પુરું પાડવામાં પણ અગ્રેસર છે.

**સરહદ ડેરી ખાતે છે ભારતનો પ્રથમ કેમલ મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ**

કચ્છના રણનું સફેદ સોનું ગણાતા ઊંટડીના દૂધમાં ભરપૂર ખાદ્ય ખનીજ તત્વો હોય છે, જે આરોગ્ય માટે લાભદાયક છે અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. ભારતનો સૌપ્રથમ ઊંટડીના દૂધને દુર્ગંધમુક્ત કરવાનો પ્રોસેસિંગ પ્લાન્ટ કચ્છમાં એટલે કે સરહદ ડેરી પાસે છે, જે ૧૬ જાન્યુઆરી ૨૦૧૯થી કાર્યરત છે. ઊંટડીના દૂધ માટેનું પ્રાથમિક ઓર્ગેનિક સર્ટિફિકેટ પણ સરહદ ડેરીએ મેળવેલ છે. કચ્છ જિલ્લામાં રાપર, નખત્રાણા, ગઢશીશા અને કોટડા આથમણા એમ ચાર કલેક્શન કેન્દ્ર મારફતે ઊંટડીના દૂધનું અમૂલ પેટર્ન મુજબ કલેક્શન કરવામાં આવી રહ્યું છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ઊંટડીનું દૈનિક દૂધ સંપાદન ૪,૭૫૪ લિટર થયું છે. ઊંટડીનું દૂધ જમા કરાવતા ઊંટપાલકોને વાર્ષિક રૂા.૮,૭૨,૮૩,૪૪૦ ચૂકવણું કરવામાં આવ્યું છે જેનાથી ૩૫૦થી વધુ ઊંટપાલક પરિવારોને લાભ થયેલ છે.

આ ઉપરાંત, સમગ્ર ભારતમાં ઊંટડીના દૂધની રાજભોગ ફ્લેવરની આઈસ્ક્રીમ માત્ર સરહદ ડેરીમાં જ બનાવવામાં આવે છે. ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા આ આઈસ્ક્રીમ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને ફક્ત એક જ વર્ષમાં ૮૦ વેરાયટી લૉન્ચ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૨૪.૫૨ લાખ લિટર આઈસ્ક્રીમનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું અને મહત્તમ ડિસપેચ ૫૮,૦૦૦ લિટર નોંધાયું છે.

**સરહદ ડેરીને મળી છે વૈશ્વિક ઓળખઃ**

જાન્યુઆરી ૨૦૨૨માં ગાંધીનગરમાં ઈન્ડિયન ડેરી એસોસિએશન (IDA) કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં સરહદ ડેરીએ ભાગ લીધો હતો. તો ઈન્ટરનેશનલ ડેરી ફેડરેશન (IDF) દ્વારા કેરળ રાજ્યના કોચી ખાતે વિશ્વમાં પ્રથમ વખત રિજિનલ ડેરી કોન્ફરન્સ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં વિશ્વમાં ઊંટ અને ઊંટડીના વિષય પર એક મહત્વનું સેશન યોજવામાં આવ્યું હતો જેમાં સરહદ ડેરી દ્વારા એશિયા પેસિફિક પ્રદેશમાં ઊંટડીના દૂધના પ્રોસેસિંગ અને બનાવટોમાં જે ઉત્કૃષ્ટ કામગીરી થઈ છે, તેની વૈશ્વિક સ્તરે નોંધ લેવામાં આવી હતી.

આ ઉપરાંત, સરહદ ડેરીને ૨૦૨૫માં દુબઈમાં યોજાયેલા વિશ્વના સૌથી મોટા ફૂડ શો 'ગલ્ફ ફૂડ એક્સ્પો'માં પણ વૈશ્વિક સ્તરે ઓળખ મળી હતી, જ્યાં અમૂલના સ્ટોલ પર ઊંટડીના દૂધના ઉત્પાદનોએ વિશેષ આકર્ષણ પેદા કર્યું હતું. સરહદ ડેરીને તેની પ્રશંસનીય કામગીરી બદલ ઘણા પ્રતિષ્ઠિત પુરસ્કારો મળ્યા છે- સામાજિક વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે FOKIA Award ૨૦૧૪, કચ્છ ડેરી ક્ષેત્રના વિકાસ માટે રોટરી ક્લબ વોકેશનલ એક્સેલન્સ અવૉર્ડ ૨૦૧૭, એગ્રીટેકમાં ઉત્કૃષ્ટતા બદલ FOKIA Award ૨૦૨૪ અને ટકાઉ પ્રદર્શન માટે VNM TV તરફથી ગ્રીન વર્કપ્લેસ અવૉર્ડ ૨૦૨૫.

**'સહકારથી સમૃદ્ધિ'ની પરિકલ્પનાને સાકાર કરી રહી છે સરહદ ડેરી**

'સહકારથી સમૃદ્ધિ' એ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ અને સહકારી મંત્રી શ્રી અમિત શાહ દ્વારા એક દૂરંદેશી પહેલ છે. આ કાર્યક્રમ હેઠળ, સરહદ ડેરીએ કચ્છ જિલ્લા મધ્યસ્થ સહકારી બૅંક (KDCC બૅંક)માં ૯૦૦ દૂધ મંડળીઓ અને ૩૧,૦૬૭ પશુપાલકોને ખાતા ખોલવામાં મદદ કરી છે. બૅંકિંગને વધુ સરળ બનાવવા માટે ખેડૂતોને RuPay કાર્ડ આપવામાં આવ્યા છે અને ૪૩૮ દૂધ મંડળીઓને માઈક્રો એટીએમ પ્રાપ્ત થયા છે.

## ભાવનગર મંડળમાં અવસાન પામેલા રેલવે કર્મચારીઓના પરિવારજનોને આર્થિક સહાય



ભાવનગર મંડળમાં રેલવે કર્મચારીઓ તથા તેમના પરિવારજનોને અત્યંત કઠિન પરિસ્થિતિઓમાં, ખાસ કરીને રેલ સેવા દરમિયાન આકસ્મિક અવસાનની સ્થિતિમાં, તાત્કાલિક આર્થિક સહાય ઉપલબ્ધ કરાવવાના હેતુથી મંડળ પ્રશાસન દ્વારા ડિવિઝનલ સ્ટાફ રિલીફ એન્ડ વેલફેર ફંડ (DSRWF)ની રચના કરવામાં આવી છે.ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું કે તારીખ ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રેલ સેવા દરમિયાન અવસાન પામેલા ૦૮ રેલવે કર્મચારીઓના પરિવારજનોને દરેક પરિવાર માટે રૂા.૫૦,૦૦૦/- (પચાસ હજાર રૂપિયા)ની સહાય રકમના ચેક આપવામાં આવ્યા હતા. આ ચેક DSRWFના સંરક્ષક તથા મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના કરકમળોથી વિતરણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, પરિવારજનોને અનુકંપા નિયુક્તિ માટે જરૂરી અરજી અને પ્રક્રિયા અંગે તેમજ HRMS પોર્ટલ મારફતે ઑનલાઈન પ્રક્રિયા કરવા બાબતે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ અવસરે વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી હુબલાલ જગનનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું અને તેઓ સ્વયં પણ હાજર રહ્યા હતા. મંડળ પ્રશાસન દ્વારા અવસાન પામેલા કર્મચારીઓના પરિવારજનો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરવામાં આવી અને તેમને આ ખાતરી આપવામાં આવી કે રેલવે પોતાના કર્મચારીઓ તથા તેમના પરિવારજનોના કલ્યાણ માટે હંમેશા પ્રતિબદ્ધ રહેશે.

## રેવન્યુ તલાટી ભરતીમાં ST ઉમેદવારો સાથે અન્યાય, ચૈતર વસાવાની GSSSBને રજુઆત

અમદાવાદ/ નર્મદા/ ગુજરાત

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષને આવેદનપત્ર આપ્યું હતું. તાજેતરમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજાયેલી રેવન્યુ તલાટી ભરતી પ્રક્રિયામાં આદિવાસી (અનુસૂચિત જનજાતિ – ST) ઉમેદવારો માટે દરેક પેપરમાં ૪૦ ટકા ફરજિયાત લઘુતમ ગુણ નક્કી કરવામાં આવ્યા છે, જે બંધારણીય જોગવાઈ અને અનામત નીતિની વિરુદ્ધ હોવાનું જણાવી આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષને પત્ર લખી રજુઆત કરી છે. તેમણે જણાવ્યું છે કે તાજેતરમાં અંદાજે ૨૩૮૯ જેટલી રેવન્યુ તલાટી જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા યોજાઈ હતી. જેમાં ગુજરાતી અને અંગ્રેજી વિષયમાં આદિવાસી ઉમેદવારો માટે ૪૦ ટકા લઘુતમ ગુણ ફરજિયાત રાખવામાં આવ્યા હતા, તેમજ ૧૫૦ ગુણના પેપરમાં ૬૦ ગુણ ફરજિયાત નક્કી કરવામાં આવ્યા હતા. દરેક પેપરમાં સમાન રીતે ૪૦ ટકા લઘુતમ ગુણ ફરજિયાત રાખવાનો નિર્ણય ભારતના બંધારણના અનુચ્છેદ ૧૬(૪) તથા અનુચ્છેદ ૩૩૫ સહિત અનામત સંબંધિત જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે. અનામત અને બિન-અનામત વર્ગ માટે એકસરખા ધોરણો નક્કી કરી શકાય નહીં, કારણ કે સમગ્ર દેશમાં ભરતી પ્રક્રિયાઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ઉમેદવારોને લઘુતમ ગુણમાં છૂટછાટ આપવામાં આવતી હોય છે.

ધારાસભ્ય ચૈતર વસાવાએ રજુઆતમાં વધુમાં જણાવ્યું છે કે આ પ્રકારના કડક ધોરણોને કારણે આદિવાસી વિસ્તારોના અનેક પ્રતિભાશાળી ઉમેદવારો ભરતી પ્રક્રિયાથી બહાર રહી જવાની ભીતિ છે, જે તેમની સામાજિક અને શૈક્ષણિક પરિસ્થિતિને જોતા સ્પષ્ટ અન્યાય છે. તેમણે માંગ કરી છે કે રેવન્યુ તલાટી ભરતી જાહેરાત ક્રમાંક ૩૦૧ અંતર્ગત અનુસૂચિત જનજાતિના ઉમેદવારોનું પરિણામ સામાન્ય ઉમેદવારોથી અલગ રીતે તૈયાર કરવામાં આવે અને તમામ પેપરોમાં લઘુતમ ગુણની મર્યાદામાં યોગ્ય છૂટછાટ આપી ન્યાય કરવામાં આવે.

ધારાસભ્ય ચૈતર વસાવાએ ઉલ્લેખ કર્યો કે અગાઉ પણ ગુજરાત લોકરક્ષક ભરતી પ્રક્રિયામાં ST ઉમેદવારો તેમના બંધારણીય અધિકારોથી વંચિત રહ્યા હતા, જે બાબતનું પુનરાવર્તન ન થાય તે જરૂરી છે. જો આ ગંભીર મુદ્દે તાત્કાલિક ધોરણે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો રાજ્યનો આદિવાસી સમાજ પોતાના હક અને ન્યાય માટે ન્યાયિક માર્ગ કે રાજ્યવ્યાપી શાંતિપૂર્ણ આંદોલનનો માર્ગ અપનાવવા મજબૂર બનશે. ધારાસભ્ય ચૈતર વસાવાએ રજૂઆત કરતા જણાવ્યું હતું કે ૧. લઘુત્તમ ગુણનો ધોરણ આદિવાસી ઉમેદવારો માટે નરમ બનાવવો જોઈએ, અથવા કાઢી જ નાખવો જોઈએ, ૨. ટ્રેનિંગ અને ઓરિએન્ટેશન કાર્યક્રમો શરૂ કરવા જોઈએ જેથી પસંદ થયેલા ઉમેદવારોને નોકરી પહેલાં પૂરતું માર્ગદર્શન મળે. ૩. અનામતનો અર્થ 'ખાલી બેઠક' નહીં પણ 'તકની સમાનતા' છે, એ સમજવું જરૂરી છે.

દાવોસ **WEF 2026:**

## ગુજરાત AI, ડિફેન્સ, ટેક્સ્ટાઈલ પાર્ક્સ, ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ અને ઈનોવેટિવ ફાઈનાન્સિંગ સહિતના ક્ષેત્રોમાં નવી તકોનું અન્વેષણ કરી રહ્યું છેઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

સ્વિત્ઝર્લેન્ડના દાવોસ ખાતે વર્લ્ડ ઈકોનોમિક ફોરમની ૫૬મી વાર્ષિક બેઠક ૧૯થી ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાઈ રહી છે. આ વાર્ષિક બેઠકમાં ગુજરાત તરફથી નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્યનું પ્રતિનિધિમંડળ પહોંચ્યું છે. અહીં ઈન્ડિયા પેવેલિયન અંતર્ગત દેશના ૧૦ રાજ્યોના પ્રતિનિધિમંડળ હાજર છે, જેઓ ભારતમાં રોકાણ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને રજૂ કરીને રોકાણકારો સાથે ચર્ચા કરશે. ગુજરાત તરફથી નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગુજરાત સૌભાગ્યશાળી છે કે શરૂઆતથી જ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના વિઝનરી નેતૃત્વનો લાભ મળ્યો છે અને ૨૦૧૪ બાદ સમગ્ર દેશ તેમના નેતૃત્વમાં વિકાસ કરી રહ્યો છે. અત્યારે વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ભારતનું સૌથી મોટું અને મજબૂત ડેલિગેશન જોવા મળ્યું છે અને જ્યારે અમે વહેલી સવારે અહીં પહોંચ્યા, ત્યારે સમગ્ર દુનિયા વિશ્રામમાં હતી પરંતુ ભારતના રાજ્યોના ડેલિગેશન સક્રિય રીતે રોકાણકારો સાથે મીટિંગમાં ઓતપ્રોત હતા. આ અમારી પ્રતિબદ્ધતા, અમારી કાર્ય સંસ્કૃતિ અને દેશના લોકો પ્રત્યે અમારા નેતૃત્વનું સમર્પણ દર્શાવે છે.

રોકાણ માટે ગુજરાતની ક્ષમતાને ઉજાગર કરતા શ્રી હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું કે, ગુજરાતમાં રોકાણની મજબૂત પરંપરા રહી છે. વાયબ્રન્ટ ગુજરાત ૨૦૨૪માં રાજ્યમાં રૂા.૪૫ લાખ કરોડના એમઓયુ થયા હતા અને છેલ્લા ત્રણ મહિનામાં વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંતર્ગત રાજ્યમાં રૂા.૧૧ લાખ કરોડથી વધુના ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટરેસ્ટ આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતનું પ્રતિનિધિમંડળ અહીં કંઈક નવું શીખવા અને નવી તકોને જાણવા માટે આવ્યું છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આપણે અલગ અલગ રાજ્યોના ડેલિગેશન તરીકે અહીં નથી આવ્યા પરંતુ એક દેશ તરીકે એક જ એજન્ડા સાથે અહીં હાજર છીએ. આપણે સૌ આપણા કૌશલ્ય, આપણી ક્ષમતાઓ અને આપણું ગવર્નન્સ અહીં રજૂ કરીશું. ગુજરાત રાજ્ય આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ, ડિફેન્સ, ટેક્સ્ટાઈલ પાર્ક્સ, ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ અને ઈનોવેટિવ ફાઈનાન્સિંગ સહિતના ક્ષેત્રોમાં નવી તકોનું અન્વેષણ કરી રહ્યું છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - મંગળવાર, ૨૦/૦૧/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૪૪૨ | ૧,૧૦૦.૦૦ | ૧,૮૫૨.૦૦ |
| ૨ | એરંડા | ૨૫ | ૧,૨૦૦.૦૦ | ૧,૨૬૫.૦૦ |
| ૩ | ઘઉં | ૨૬૬ | ૫૨૩.૦૦ | ૫૬૦.૦૦ |
| ૪ | બાજરી | ૫ | ૪૫૦.૦૦ | ૪૫૭.૦૦ |
| ૫ | તુવર | ૧૦ | ૧,૨૦૦.૦૦ | ૧,૨૫૦.૦૦ |
| ૬ | અડદ | ૩ | ૧,૧૦૦.૦૦ | ૧,૧૮૦.૦૦ |
| ૭ | ગવાર | ૯ | ૮૦૦.૦૦ | ૧,૦૫૧.૦૦ |
| ૮ | કપાસ | ૨૮૩ | ૧,૫૦૦.૦૦ | ૧,૬૦૫.૦૦ |
| ૯ | સોયાબીન | ૭ | ૯૦૦.૦૦ | ૧,૦૩૪.૦૦ |

મુનિમજી સોફટવેર

## પીએમ કિસાન યોજનાના લાભાર્થી ખેડૂતો માટે આગામી ૨૨મો હપ્તો મેળવવા ફાર્મર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી

કેન્દ્ર સરકાર દ્વારા પીએમ કિસાન યોજનાના લાભાર્થી ખેડૂતો માટે આગામી ૨૨મો હપ્તો મેળવવા ફાર્મર રજીસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે. રાજ્યના તમામ ખેડૂતોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ સહાયકારી યોજનાઓનો લાભ સરળતાથી મેળવવા માટે આ ફાર્મર રજીસ્ટ્રેશન કરાવવું ખૂબ જ જરૂરી છે. જેથી રજીસ્ટ્રેશન કરવાનું બાકી હોય તેવા રાજ્યના ખેડૂત ખાતેદારોને તાત્કાલિક ફાર્મર રજીસ્ટ્રેશન કરાવી લેવા ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. ભારત સરકાર દ્વારા Digital Public Infrastructure for Agricultureના ભાગરૂપે 'એગ્રીસ્ટેક પ્રોજેક્ટ' અમલમાં મુકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતમાં વર્ષ ૨૦૨૪-૨૫થી તમામ ખેડૂતોના રજીસ્ટ્રેશન માટે ફાર્મર રજીસ્ટ્રી શરૂ કરવામાં આવી છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવતી કૃષિ સંબંધિત વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ રાજ્યના તમામ ખેડૂતોને સરળ, પારદર્શક અને સમયસર રીતે પહોંચાડવાનો છે. ફાર્મર રજીસ્ટ્રી પર કરવામાં આવેલા રજીસ્ટ્રેશન થકી દરેક ખેડૂતને આધાર આઈડીની જેમ ૧૧ અંકનો યુનિક ફાર્મર આઈડી આપવામાં આવે છે. ખેતી નિયામકની કચેરીની યાદીમાં જણાવ્યા અનુસાર ફાર્મર રજીસ્ટ્રેશન જે તે ગામના VCE/VLE ઓપરેટર અથવા જનસેવા કેન્દ્ર મારફતે કરાવી શકાય છે. તદુપરાંત ખેડૂત દ્વારા જાતે મોબાઈલ મારફતે gjfr. agristack. gov.in લીંક દ્વારા સેલ્ફ રજીસ્ટ્રેશન પણ કરી શકાય છે. ફાર્મર રજીસ્ટ્રેશન માટે જરૂરી દસ્તાવેજ, આધાર કાર્ડ, આધારથી લિંક મોબાઈલ નંબર અને જમીનની વિગતો સાથે રાખવી જરૂરી છે.

- જીગર બારોટ

AAP નેતા ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલિયા સહિત કાર્યકર્તાઓએ કેક કાપી રાજુ કરપડાનો જન્મદિવસ ઉજવ્યો

## ૯૦ દિવસથી જેલમાં રહેલા કિસાન સેલ પ્રમુખ રાજુ કરપડાના જન્મદિવસની અમદાવાદ AAP કાર્યાલય ખાતે ઉજવણી

અમદાવાદ / ગુજરાત

ગુજરાતના ખેડૂતો સાથે થઈ રહેલા અન્યાય સામે સતત લડત લડતા અને છેલ્લા ૯૦ દિવસથી વધુ સમયથી જેલવાસ ભોગવી રહેલા આમ આદમી પાર્ટીના કિસાન સેલ પ્રમુખ રાજુ કરપડાનો આજે જન્મદિવસ છે. આ પ્રસંગે આમ આદમી પાર્ટી મજબૂતીથી રાજુભાઈ કરપડા તથા ખેડૂતોના સમર્થનમાં ઊભી છે. આજે સમગ્ર ગુજરાતમાં આમ આદમી પાર્ટી દ્વારા રાજુ કરપડાના જન્મદિવસની ઉજવણી વિવિધ કાર્યક્રમો દ્વારા કરવામાં આવી રહી છે. તે અંતર્ગત અમદાવાદ ખાતે આમ આદમી પાર્ટીના પ્રદેશ કાર્યાલયમાં કેક કાપીને રાજુ કરપડાનો જન્મદિવસ ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા સહિત પાર્ટીના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ખેડૂતોની સમસ્યાઓ અને તેમના હકો માટે છેલ્લા ઘણા સમયથી જેલમાં રહેલા આપણા પોતાના પરિવારના સભ્ય સમાન રાજુભાઈ કરપડાનો આજે જન્મદિવસ છે. ભલે તેઓ આજે જેલમાં છે અને અમારી વચ્ચે હાજર નથી, પરંતુ આમ આદમી પાર્ટી એક પરિવાર તરીકે આજે તેમનો જન્મદિવસ ઉજવી રહી છે. ઈશ્વર તેમને ખેડૂતો, વંચિતો, ગરીબો અને શ્રમિકો માટે વધુ મજબૂતીથી લડવાની શક્તિ આપે તેવી શુભકામના છે. વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે પરિવારનો કોઈ સભ્ય જેલમાં હોય ત્યારે ઉજવણીનો ઉત્સાહ ન રહે, પરંતુ રાજુભાઈ કરપડા ગુજરાતના ખેડૂતો માટે લડતા-લડતા જેલમાં ગયા છે. તેમની આ બહાદુરી અને સંઘર્ષ માટે આજે સમગ્ર આમ આદમી પાર્ટી ગૌરવ સાથે તેમનો જન્મદિવસ ઉજવી રહી છે. ઉલ્લેખનીય છે કે ઓક્ટોબર મહિનામાં બોટાદના હડદડમાં પોલીસ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણની ઘટના બાદ કડદા પ્રથા વિરુદ્ધ અવાજ ઉઠાવનાર આમ આદમી પાર્ટીના રાજુ કરપડા, પ્રવીણ રામ સહિત અનેક ખેડૂત આગેવાનોને સરકાર દ્વારા જેલમાં ધકેલવામાં આવ્યા હતા.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીમાં વણથંભી તેજી સાથે સોનાનો વાયદો રૂ.૪૪૬૯ અને ચાંદીનો વાયદો રૂ.૧૪૬૨૫ વધુ ઊછળ્યો

## ક્રૂડ તેલના વાયદામાં રૂ.૩૧ની વૃદ્ધિઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૧૮૨૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૭૭૩૦૨ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૧૨૪૮૪ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૪૧૮૬૯ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૩૯૯૧૫૧.૮૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૧૮૨૬.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૭૭૩૦૨.૦૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૪૧૮૬૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૬૬૩૨.૨૫ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૧૨૪૮૪.૬૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૫૭૭૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૨૫૦૦ અને નીચામાં રૂ.૧૪૫૫૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૪૫૬૩૯ના આગલા બંધ સામે રૂ.૪૪૬૯ વધી રૂ.૧૫૦૧૦૮ થયો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૬૪૭ વધી રૂ.૧૨૨૬૦૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૬૩૪ વધી રૂ.૧૫૪૨૪ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬૮૦ વધી રૂ.૧૪૯૯૦૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૫૫૬૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૪૧૪૫ અને નીચામાં રૂ.૧૪૫૪૨૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૪૫૪૨૦ના આગલા બંધ સામે રૂ.૫૨૫૯ વધી રૂ.૧૫૦૬૭૯ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૩૦૬૪૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૨૭૯૯૮ અને નીચામાં રૂ.૩૦૬૪૯૯ના મથાળે અથડાઈ, રૂ.૩૧૦૨૭૫ના આગલા બંધ સામે રૂ.૧૪૬૨૫ વધી રૂ.૩૨૪૯૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૫૩૩૦ વધી રૂ.૩૨૭૭૫૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૫૨૭૫ વધી રૂ.૩૨૭૭૪૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૫૩૩૩.૨૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જાન્યુઆરી વાયદો રૂ.૯.૫૫ ઘટી રૂ.૧૨૯૨.૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત જાન્યુઆરી વાયદો રૂ.૧.૧૫ ઘટી રૂ.૩૧૩.૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.૧.૭૫ ઘટી રૂ.૩૧૫.૮૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જાન્યુઆરી વાયદો ૪૫ પૈસા ઘટી રૂ.૧૯૧.૪ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૪૦૦૩.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી જાન્યુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૦૪૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૧૧૦ અને નીચામાં રૂ.૪૦૨૭ના મથાળે અથડાઈ, રૂ.૩૧ વધી રૂ.૪૦૭૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૪૨૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૪૫૫ અને નીચામાં રૂ.૫૩૬૮ના સ્તરને સ્પર્શી, રૂ.૫૪૨૨ના આગલા બંધ સામે રૂ.૩૧ વધી રૂ.૫૪૫૩ થયો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૩૨ વધી રૂ.૫૪૫૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૫.૧ વધી રૂ.૩૪૭.૯ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૧૫.૨ વધી રૂ.૩૪૭.૯ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૭૪ના ભાવે ખૂલી, રૂ.૫ ઘટી રૂ.૯૫૬.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન જાન્યુઆરી વાયદો રૂ.૭૬૦ વધી રૂ.૨૬૭૦૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૬૬૩ના ભાવે ખૂલી, રૂ.૩ ઘટી રૂ.૨૬૬૧ના સ્તરે પહોંચ્યો હતો.




કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૫૪૨૧૨.૩૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૫૮૨૭૨.૩૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ.૪૬૧૭.૧૧ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૩૯૬.૮૫ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૭૨.૫૬ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૩૪.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૧.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૫૮૨.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૩૪૦૯.૫૪ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૩.૯૬ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ.૦.૨૦ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૫૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૦૬૮૬ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૭૮૮૯ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૮૧૫૫ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૧૬૫૬૭ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૭૭૨૯ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૪૬૦૯ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૦૬૨૭ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૦૪૮૬૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૨૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૦૧૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૮૩૪૧ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૪૦૨૭૨ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૪૨૬૮૮ પોઈન્ટના સ્તર અને નીચામાં ૪૦૨૭૨ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૫૯૭ પોઈન્ટ વધી ૪૧૮૬૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૪.૮ વધી રૂ.૨૭૧.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૭૫ વધી રૂ.૧૩.૪૫ના ભાવે બોલાયો હતો.

સોનું જાન્યુઆરી રૂ.૧૪૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૫૯.૫ વધી રૂ.૩૭૯૦.૫ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૩૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૪૫૫ વધી રૂ.૧૮૪૦૦ થયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬.૫૩ ઘટી રૂ.૧૧.૯૯ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૫૫ પૈસા ઘટી રૂ.૧.૫૩ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૧.૨ ઘટી રૂ.૨૦૯.૨ થયો હતો.

સોનું જાન્યુઆરી રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૭૬ ઘટી રૂ.૭૮૦ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૬૪૬.૫ ઘટી રૂ.૫૫૩૭ના ભાવે બોલાયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૫૧ વધી રૂ.૧૯.૨૯ થયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩૨ પૈસા ઘટી રૂ.૦.૩૪ થયો હતો.

### પદવીદાનમાં ૨૫ ગોલ્ડ મેડલ અને ૦૬ સિલ્વર મેડલ સાથે કુલ ૯૦૨ વિદ્યાર્થીઓને પદવી-પ્રમાણપત્ર એનાયત કરાયા

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો ૧૮મો પદવીદાન સમારોહ યોજાયો

ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય મથક વેરાવળ સ્થિત સંસ્કૃત યુનિવર્સિટીના કુલાધિપતિ અને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો ૧૮મો પદવીદાન સમારોહ રાજેન્દ્રભુવન રોડ પર આવેલા યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજાયો હતો.

આધુનિક પેઢીમાં છેલ્લા ૨૦ વર્ષથી ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત અને સંસ્કારોનું સિંચન કરી રહેલી ગુજરાતની એકમાત્ર સંસ્કૃત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સંબોધન કરતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વ જ્યારે ભોગવાદ અને ભોગ માટે ઉપલબ્ધ વસ્તુઓના સંશોધનમાં પડેલો છે. ત્યારે ભારતીય આધ્યાત્મ અને જ્ઞાને આત્મા અને તેના દ્વારા ઈશ્વરની પ્રાપ્તિનો માર્ગ વર્ષો પહેલા બતાવ્યો હતો. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, આપણે જે ઈતિહાસ ભણીએ છીએ એ બહારના લોકોએ લખેલો છે. આપણા ઋષિમુનિઓએ ભારતના પ્રાચીન મૂલ્યો અને સંસ્કૃતિનું જે રીતે વર્ણન કરેલું છે તેને જીવનમાં ઉતારવાની આજે નિતાંત આવશ્યકતા છે.

આપણા ઈતિહાસને તોડી-મરોડીને રજૂ કરવામાં આવ્યો હતો. જેના પરિણામે આજે માતાપિતા પોતાના સંતાનો વિદેશમાં અભ્યાસ કરે તે માટે ગર્વ લે છે પરંતુ એક સમય એવો હતો કે જ્યારે વિશ્વના લોકો ભારતમાં જ્ઞાનપ્રાપ્ત કરવા માટે આવતા હતાં. જે ભારતની તે સમયની શ્રેષ્ઠતાને દર્શાવે છે. આ જ કારણ છે કે, તે સમયમાં ભારતને વિશ્વગુરુ કહેવામાં આવતું હતું.

ભારત પુરાતનકાળમાં ૨૨ પ્રકારની વિદ્યાઓમાં પારંગત હતું. મહર્ષિ ચરક, સુશ્રુત સહિતના ઋષિમુનીઓએ અનેક પ્રકારના સંશોધન કરીને જે જ્ઞાન અર્જિત કર્યું હતું તેને આજે આધુનિક વિજ્ઞાન સ્પર્શી પણ શક્યું નથી. ભારતનું આ જ્ઞાન વેદ-ઉપનિષદની વિદ્યાથી પ્રાપ્ત થયું છે. ઋષિમુનીઓએ પર્વતો અને કંદરાઓમાં બેસીને જ્ઞાનના દોહનથી મેળવેલી વિદ્યા એ ઈશ્વરીય જ્ઞાન સમાન છે. આ જ્ઞાન સંસ્કૃત ભાષા દ્વારા નીપજ્યું છે.

તેમણે જણાવ્યું કે, આપણા વેદ-ઉપનિષદમાંથી ઉત્તમ જીવનદર્શન પ્રાપ્ત થાય છે. તેવું ક્યાંય નથી. ભોગવાદ એ સાધન છે, સાધ્ય નથી, એ રસ્તો છે, પરંતુ મંજીલ નથી. એ સીડી છે, પરંતુ ઉદ્દેશ્ય પ્રાપ્તિ નથી. તેવું જ્ઞાન ભારતે પોતાના જ્ઞાન વારસાથી વિશ્વને દર્શાવ્યું છે. વિશ્વએ માત્ર ભૌતિકવાદ શીખવ્યો જ્યારે ભારતે આધ્યાત્મવાદ તરફનું ચિંતન શીખવ્યું છે.

સંસ્કૃતના જ્ઞાનની વહેંચણીથી પુણ્ય મેળવી શકાય છે. તેમ જણાવી તેમણે કહ્યું કે, ભારત એ ઈંટ-પત્થરનો દેશ નથી પરંતુ, આધ્યાત્મ, ચિંતન અને એક વિચારનો દેશ છે. જેનું જ્ઞાન વેદથી લઈને શાસ્ત્રની અંદર સમાવિષ્ટ છે.

આ તારૂં છે, આ મારૂં છે, એ ભોગવાદની વિચારસરણી છે. જ્યારે ભારતે 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના દ્વારા સમગ્ર વિશ્વ મારો પરિવાર છે અને હું વિશ્વનો છું, એવી ભાવના જગતને આપી છે. 'સર્વે ભવન્તુ સુખિનઃ' એટલે કે સમગ્ર જગતનું કલ્યાણ થાય, સમગ્ર વિશ્વ નિરોગી રહે અને કોઈ વિશ્વમાં દુઃખિયારૂ ન રહે એવી સર્વકલ્યાણની આપણી ભાવના છે. આવું ચિંતન માત્ર ભારતના પુરાતન જ્ઞાનમાં જ પ્રાપ્ય છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી વિકાસ સાથે વિરાસતને બચાવવાની પણ કામગીરી કરી રહ્યા છે તેમ જણાવી વડાપ્રધાનશ્રીએ જે-તે વખતે સંસ્કૃત યુનિવર્સિટીની વેરાવળ ખાતે સ્થાપના કરી ભારતના પ્રબળ આધ્યાત્મવાદને પ્રેરક બનાવવા માટેની પહેલ કરી હતી.

મહાત્મા ગાંધીજી કહેતા હતાં કે – હું મારી જાતને દુર્ભાગ્યશાળી માનું છું. કારણ કે, હું સંસ્કૃત જાણતો નથી. આજે પદવી મેળવનારા તમામ લોકો સંસ્કૃતમાં શ્રદ્ધા રાખે અને તેનું અધ્યયન કરે અને મેળવેલા જ્ઞાનને સમાજમાં પ્રસારિત કરીને દીપકની જેમ સળગીને સમાજને પથ પ્રકાશિત કરજો તેનાથી મોટું કોઈ પુણ્યનું કાર્ય નથી, તેમ તેમણે જણાવ્યું હતું.

આજે જે રિસર્ચ શબ્દ પ્રચલિત છે, એ શબ્દ પણ ઋષિ શબ્દનો અપભ્રંશ શબ્દ છે. ભારતના એક-એક ઋષિ રિસર્ચ સ્કોલર હતાં. મિમાંસા, ન્યાયીક શાસ્ત્રનું આટલું બધું રિસર્ચ તેના વગર શક્ય નથી. આ બધા શાસ્ત્રોમાં જ્ઞાનનો અપાર ભંડાર રહેલો છે. ધર્મ, અર્થ, કામ કરીને મોક્ષની પ્રાપ્તિ કરવી એવું આધ્યાત્મદર્શન ભારતે વિશ્વને કરાવ્યું છે.

આજની વિદ્યામાં શરીર દેખાય છે, પરંતુ એમા રહેલાં આત્માનું જ્ઞાન તેમાં નથી. ભારતીય ઋષિ-મુનીઓએ આત્માથી પરમાત્મા સુધી જવાનો માર્ગ પોતાના સંશોધનરૂપી ચિંતન-મનન થી દર્શાવ્યો છે. આ તમામ જ્ઞાન સંસ્કૃત ભાષામાં નિહિત છે. ત્યારે, જો ભાષા જ સમાપ્ત થઈ જશે, તો આ ગ્રંથને વાંચશે કોણ? સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ભારતીય પરંપરાના આ જ્ઞાનને પુનઃજીવીત કરી સમાજ સુધી લઈ જવાનું અનન્ય કાર્ય કરી રહી છે, આ માટે યુનિવર્સિટી અને અધ્યાપકોશ્રીને તેમણે અભિનંદન પાઠવ્યાં હતાં.

સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો.સુકાન્તકુમાર સેનાપતિએ યુનિવર્સિટીની સિદ્ધિઓ વર્ણવતા જણાવ્યું હતું કે, સંસ્કૃત યુનિવર્સિટીમાં વિકસિત ભારતના નિર્માણ માટે પાયાના પથ્થર સાબિત થાય એ રીતે વિદ્યાર્થીઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વેરાવળના નગરજનો પણ સંસ્કૃત બોલતા થાય એ દિશામાં 'સંસ્કૃત સંભાષણ વર્ગો'ના માધ્યમથી નિરંતર પ્રચાર-પ્રસારનું કાર્ય કરવામાં આવી રહ્યું છે.

યુનિવર્સિટીમાં ગુણોત્કર્ષના માધ્યમથી વિદ્યાર્થીઓનો વિકાસ, શાસ્ત્રનું શિક્ષણ અને પ્રશિક્ષણ, રમતગમત સહિતની બહુઆયામી ઈત્તરપ્રવૃત્તિઓ થકી વિદ્યાર્થીઓનું કૌશલ્ય વિકસે એ દિશામાં કાર્ય થઈ રહ્યું છે.

અક્ષરધામ સ્વામીનારાયણ શોધ સંસ્થાન દિલ્લીના નિયામક મહામહોપાધ્યાય પ્રો.ભદ્રેશદાસ સ્વામીએ કહ્યું કે, આ ભૂમિ વૈદિક અને સંસ્કૃતિસભર તેમજ વિદ્યાની ભૂમિ છે. જ્યાં સંસ્કૃત યુનિવર્સિટીના માધ્યમ થકી સંસ્કૃતનો પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે. સામવેદ સહિત ઉપનિષદના ઉદાહરણો થકી સ્વામીજીએ શિક્ષણનું મહત્વ વર્ણવ્યું હતું.




આ પદવીદાન સમારોહમાં વિદ્યાર્થીઓને ૨૫ સુવર્ણ પદક અને ૦૬ રજત પદક મળી કુલ ૩૧ જેટલા પદકો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં.

યુનિવર્સિટીમાં ચાલતાં વિવિધ અભ્યાસક્રમો પૈકી ૧૮મા પદવીદાન સમારોહમાં ૩૬૩ (બી.એ.) શાસ્ત્રી, ૨૦ (બી.એ.બી.એડ.) શાસ્ત્રી-શિક્ષાશાસ્ત્રી, ૨૪૬ (એમ.એ.) આચાર્ય, ૨૦૮ પી.જી.ડી.સી.એ., ૫૪ (બી.એડ.) શિક્ષાશાસ્ત્રી અને ૧૧ (પીએચ.ડી.) વિદ્યાવારિધિ એમ કુલ ૯૦૨ ડીગ્રી પ્રમાણપત્રો વિદ્યાર્થીઓને આપવામાં આવ્યાં હતાં.

આ સાથે વિશેષમાં શ્રી ગોપાલકૃષ્ણ ટ્રસ્ટ, જૂનાગઢ તથા સંસ્કૃત યુનિવર્સિટી વચ્ચે થયેલા એમ.ઓ.યુ. અંતર્ગત દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાતનાં સંસ્કૃત વિદ્વાન શ્રી હરિપ્રસાદ યાદવરાય બોબડેને શ્રીમતી સરસ્વતીબેન જયંતિલાલ ભટ્ટ સંસ્કૃત વિદ્વાન-૨૦૨૬ પુરસ્કારથી સન્માનિત કરાયા હતાં.

તદુપરાંત, છાત્રોત્કર્ષ વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત શોધાર્થી ગણેશ હેગડેને 'શોધવિભૂષણમ્' શ્રેષ્ઠ પીએચ.ડી. મહાશોધપ્રબંધ પુરસ્કાર-૨૦૨૬ અને સ્વ. મણીશંકર જીવણરામ પંડ્યા પુરસ્કાર રાશિ આપવામાં આવી હતી.

આ અવસરે રાજ્યપાલશ્રી અને મહાનુભાવોના હસ્તે ડૉ.ખગેન્દ્ર પાત્ર દ્વારા સંપાદિત "ગૌરકૃષ્ણોદયમ્", પ્રો.જયપ્રકાશ નારાયણ દ્વિવેદી દ્વારા સંપાદિત "ન્યાયદર્શન કે સિદ્ધાન્ત એવં લોકધર્મ", ડૉ.હરીશ કુમાર દ્વારા સંપાદિત 'ભારતીય જ્ઞાન પરંપરા મેં વૈદિક યજ્ઞ ચિકિત્સા' એમ ત્રણ ગ્રંથોનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ સમારોહમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ શ્રી હિમાંજય પાલીવાલ, વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા પ્રમુખ શ્રી પલ્લવીબહેન જાની, દિલ્હીની શ્રી લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો.મુરલી મનોહર પાઠક, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો.ઉત્પલ જોશી, જિલ્લા કલેક્ટર શ્રી એન.વી.ઉપાધ્યાય, જિલ્લા પોલીસવડા શ્રી જયદિપસિંહ જાડેજા, અગ્રણી શ્રી સંજયભાઈ પરમાર, કુલસચિવ ડૉ.મહેશકુમાર મેતરા તેમજ યુનિવર્સિટીની એક્ઝિક્યુટીવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સીલના સભ્યો, સંલગ્ન મહાવિદ્યાલયના પ્રધાનાચાર્યો-સાધુસંતો સહિત મહાનુભાવો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# પાંચ વરસમાં ભાજપનો ચુંટણી ખર્ચ અઢી ગણો વધી રૂ.૩૩૫૬ કરોડ થયો

પ્રતિનિધિ,ગાંધીનગર

દેશ કાયમ ચુંટણી મોડ માં હોય તેવુ જ જણાય છે. હાલમાં પણ હજુ પશ્ચિમ બંગાળ સહિતના રાજયોની વિધાનસભા ચુંટણીમાં જાહેર થઈ નથી પણ તેનો પ્રચાર શરૂ થઈ ગયો છે અને આ ચુંટણી પુરી થયા બાદ બીજી આવનારી ચુંટણીમાં સરકારો અને નેતાઓ વ્યસ્ત રહેશે. હાલમાં જ આવેલા એક રીપોર્ટ મુજબ ચુંટણી પંચે માર્ચ ૧૬ ૨૦૨૪ ના લોકસભા ચુંટણીની જાહેરાત કરી હતી પણ તેના પ્રચાર ૨૦૨૨-૨૩ ના નાણાંકીય વર્ષ માટેના પંચ સમક્ષ રજુ થયેલા હિસાબોમાં જ દર્શાવાયા છે. આમ રાજકીય પક્ષો કેટલા એડવાન્સ ચાલે છે તે જાહેર થયુ છે. ભાજપે ૨૦૨૪-૨૫ ના વર્ષમાં ચુંટણી અને તેના સંબંધી પ્રચારમાં તે રૂપીયા ૩૩૫૬.૩૬ કરોડનો ખર્ચ કર્યો હતો. જેમાં ૧૮ મી લોકસભા અને ૮ રાજયોની વિધાનસભા પાછળ પક્ષે કરેલા ખર્ચનો આંકડો છે. ઉમેદવારોને જ ચુંટણી ખર્ચની મર્યાદા મળી છે. તે ઉપરાંત જે અનેકગણો વધુ બિનહિસાબી ખર્ચ થાય છે. (જે કદી જાહેર થતો નથી) તેનો હજુ સમાવેશ નથી. ભાજપનો જ ચુંટણી ખર્ચ ૨૦૧૯-૨૦ માં લોકસભા અને ૭ વિધાનસભા ચુંટણીમાં રૂપીયા ૧૩૫૨.૯૨ કરોડ હતો. આમ પાંચ વરસમાં લગભગ એક સમાન ચુંટણીમાં પક્ષનો ખર્ચ અઢી ગણા થી વધુ વધી ગયો છે. સામાન્ય રીતે ચુંટણીની જાહેરાતથી આચારસંહિતા અમલી થાય છે અને પરીણામની સત્તાવાર જાહેરાત સુધી અમલી બને છે. પણ તે પૂર્વ નો ખર્ચ પંચની ગણતરીમાં આવતો નથી. ચુંટણીપંચે ૧૬ માર્ચના રોજ ૨૦૨૪ ની લોકસભા ચુંટણીની જાહેરાત કરી હતી તેથી પ્રચાર ખર્ચ ૨૦૨૩-૨૪ ના વર્ષનો ગણાય છે. જયારે મતદાન ૧૯ એપ્રિલ થી ૧ જુન વચ્ચે ૪૪ દિવસમાં વધુ પણ ચુંટણીના મતદાન શેડયુલ પુર્વે જ ભાજપે રૂપીયા ૧૭૫૪.૦૬ કરોડ ખર્ચી નાખ્યા હતા. આમ ચુંટણીના વર્ષ અને તેના પૂર્વે ના વર્ષ એમ બે વર્ષમાં ભાજપનો ચુંટણી (૧૮ મી લોકસભા) ખર્ચ રૂપીયા ૫૦૮૯.૪૨ કરોડ થયો હતો. જે અગાઉની (૧૭ મી લોકસભા) ચુંટણીના બે વરસના ગાળામાં રૂપીયા ૨૧૪૫.૩૭ કરોડ હતો. ૨૦૧૯-૨૦ તથા ૨૦૨૪-૨૫ ના ૯ રાજયોની વિધાનસભાની ચુંટણીઓ યોજાઈ હતી. ભાજપે ૨૭ ડીસેમ્બર ૨૦૨૫ ના ચુંટણીપંચને જે તેનો વાર્ષિક રીપોર્ટ સુપ્રત કર્યો હતો જેમાં દર્શાવાઈ છે. પક્ષના ૮૮ ટકા એટલે કે રૂપીયા ૩૭૭૪.૫૮ કરોડ ચુંટણી અને જાહેર પ્રચાર માટે વપરાયા હતા. પક્ષે અખબાર, ટીવી જાહેરાત પાછળ રૂપીયા ૨૨૫૭.૦૫ કરોડનો ખર્ચ કર્યો. જેમાં ઈલેકટ્રોનીક મીડીયા પાછળ રૂપીયા ૧૧૨૪.૯૬ કરોડનો ખર્ચ કર્યો, જયારે પ્રિન્ટ મીડીયા, હોર્ડિંગ્સ વિગેરેમાં રૂપીયા ૮૯૭.૪૨ કરોડ, નેતાઓના પ્રવાસ, વિમાનો , હેલીકોપ્ટર માટે તથા અન્ય ખર્ચમાં રૂપીયા ૩૧૨.૯૦ કરોડ વાપર્યા હતા.



તો બીજી તરફ કોંગ્રેસે ૨૦૨૪-૨૫ ના વર્ષમાં કુલ રૂપીયા ૨૮૯૬.૨૨ કરોડનો ખર્ચ કર્યો હતો. જે ૨૦૨૩-૨૪ માં રૂપીયા ૬૧૯.૬૭ કરોડ હતો. ભાજપની આવક ૨૦૨૪-૨૫ માં ૪૩૪૦.૪૭ કરોડ થઈ છે. જે ૨૦૨૩-૨૪ માં રૂપીયા ૬૭૬૯.૧૪ કરોડ હતી. પક્ષે ચુંટણી વર્ષ પુર્વે જ ભંડોળ એકત્ર કરી લીધુ હતું.

# ગુજરાતમાં મતદાર યાદી દાવા અને વાંધાઓ રજુ કરવાની સમયમર્યાદા લંબાવાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતના ચુંટણીપંચની સુચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (એસઆઈઆર) હાથ ધરવામાં આવી છે.

ગઈ તારીખ ૨૭ ઓકટોબર ૨૦૨૫ થી રાજયભરમાં શરૂ કરવામાં આવેલી એસઆઈઆર (સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રીવીજન) ઝુંબેશની ગણતરીના તબકકાની અસરકારક કામગીરી બાદ ૧૯ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી. ત્યારબાદ દાવાઓ અને વાંધાઓ રજુ કરવા માટેનો આખરી દિવસ તારીખ ૧૮/૧/૨૦૨૬ નિર્ધારીત કરવામાં આવ્યો હતો. તાજેતરમાં ચુંટણીપંચે સત્તાવાર સુચના બહાર પાડીને આ સમય મર્યાદાને વધારી તારીખ ૩૦/૧/૨૦૨૬ કરી છે. જેથી હવે મતદારો ૩૦ જાન્યુઆરી શુક્રવાર સુધી મતદાર યાદી સંલગ્ન દાવાઓ અને વાંધાઓ રજુ કરી શકશે.



### બસ રસ્તા પરથી ઉતરી ગઈ હતી

# જામનગર-રાજકોટ હાઈવે પર બસ, ઓક્સિજન ટેન્કર વચ્ચે સર્જાયો અકસ્માત

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

આજે સવારે જામનગર-રાજકોટ હાઈવે પર ખીજડિયા બાયપાસ નજીક એક પ્રવાસી બસ અને ઓક્સિજન ટેક્કર વચ્ચે ટક્કર થઈ હતી. બસ રસ્તા પરથી ઉતરી ગઈ હતી, પરંતુ તેમાં સવાર તમામ ૩૬ મુસાફરો સુરક્ષિત છે.આ અકસ્માત સવારે ૫:૫૫ વાગ્યાની આસપાસ થયો હતો. અડાલજથી જામનગર તરફ જતી બસ નંબર GJ-૦૩-AZ-૦૬૪૨ એક ઓક્સિજન ટેક્કર સાથે અથડાઈ હતી, જેના કારણે બસ રસ્તા પરથી ઉતરી ગઈ હતી અને એક તરફ નમેલી હતી.

જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ઓફિસર ઉમેદ ગામેતી, રાકેશ ગોકાણી, કામિલ મહેતા અને જયંતિ ડામોર સહિતની ટીમે બસમાં ફસાયેલા તમામ ૩૬ યાત્રાળુઓને સુરક્ષિત રીતે બચાવી લીધા હતા.

આ અકસ્માતમાં કોઈ મુસાફરોને ઈજા કે મૃત્યુ થયું નથી. પંચકોશી એ ડિવિઝન પોલીસની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને ટ્રાફિક વ્યવસ્થાપિત કરી હતી. પોલીસ ઘટનાની વધુ તપાસ કરી રહી છે.


## સૂચના
### વોક-ઇન-ઇન્ટરવ્યૂ

પશ્ચિમ રેલ્વે/ચર્ચગેટ (રેલ્વે મંત્રાલય હેઠળ) ના સર્વેક્ષણ અને બાંધકામ સંગઠને GP-4200 થી GP-5400 સુધી નિવૃત્ત થયેલા 06 નિવૃત્ત રાજ્ય સરકારી અધિકારીઓને જોડવા માટે વોક-ઇન-ઇન્ટરવ્યૂ નક્કી કર્યો છે જેમને સર્વેક્ષણ, જમીન રેકોર્ડ અપડેટ કરવા, પ્રોજેક્ટ્સમાં વન/વન્યજીવન મંજૂરી માટે રાજ્ય સરકારી એજન્સીઓ સાથે સંકલન અને/જ્યાં જમીન સંપાદન સામેલ છે.

અરજદારની ઉંમર 64 વર્ષથી વધુ ન હોવી જોઈએ અને તે જ વિસ્તારોમાં કામ કરેલો/નિવૃત્ત હોવો જોઈએ જ્યાં ખાલી જગ્યા છે (ગાંધીધામ/ભુજ-01, રતલામ-02, ઇન્દોર-02, વડોદરા-01). અરજીની વિગતવાર સૂચના પશ્ચિમ રેલ્વેની વેબસાઇટ, https://wr.indianrailways.gov.in > ભરતી અંગે સમાચાર અપડેટ્સ > ભરતી > વન/મહેસૂલ વિભાગના નિવૃત્ત રાજ્ય સરકારી અધિકારીઓની પુનઃ નિમણૂક પર ઉપલબ્ધ છે.

અરજી કેવી રીતે કરવી: ઉમેદવારે ખાલી જગ્યાની સૂચનાના પરિશિષ્ટ 'A' માં ઉપલબ્ધ નિયત અરજી ફોર્મેટમાં ભૌતિક ફોર્મ ભરવાનું રહેશે અને તેની એક નકલ ઇમેઇલ આઈડી "caowrccg@gmail.com" પર મોકલવી પડશે અને રિપોર્ટિંગ સમય તા. 04.02.2026 (બુધવાર) ના રોજ સવારે 9.30 વાગ્યે, નવીનતમ ફોટોગ્રાફ અને PPO અને સેવા પ્રમાણપત્રની નકલ સાથે મુખ્ય વહીવટી અધિકારી (બાંધકામ), પ્રથમ માળ, સ્ટેશન બિલ્ડિંગ, પશ્ચિમ રેલ્વે, ચર્ચગેટ, મુંબઈ - 400020 ની કચેરી ખાતે વોક-ઇન-ઇન્ટરવ્યુ માટે હાજર રહેવું પડશે.

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in

1025

અમને લાઇક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: X.com/WesternRly

# હવે જગદીશ વિશ્વકર્માનો ખરો લીટમસ ટેસ્ટ: કારોબારીમાં જુના જોગીઓના પત્તા કપાયા નવા ની એન્ટ્રી

પ્રતિનિધિ,ગાંધીનગર

કર્મુતા ઉતરતા જ ભાજપમાં નવા જુની થઈ છે. ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ નવી કારોબારી ટીમ જાહેર કરી છે. આવામાં તેઓએ નવી કારોબારીમાં જુના જોગીઓના પત્તા કાપી નાખ્યા છે અને નવી કારોબારી ટીમમાં અનેક નવા ચહેરા જોવા મળ્યા છે. સોમવારે ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા સંગઠનાત્મક નિયુકિતઓ કરવામાં આવી હતી.




ગુજરાત ભાજપ દ્વારા સંગઠનના પ્રદેશ કારોબારીની જાહેરાત કરવામાં આવી હતી. પ્રદેશ ભાજપ કારોબારીના સભ્યો અને વિશેષ કારોબારી સભ્યોની પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા જાહેરાત કરવામાં આવી છે. આવામાં જગદીશ વિશ્વકર્મા માટે સૌથી મોટો લીટમસ ટેસ્ટ આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ છે. જે નજીકના સમયગાળામાં આવી રહી છે. તો બીજી તરફ ગુજરાત વિધાનસભાની ૨૦૨૭ માં ચુંટણીઓ આવનાર છે. આવામાં સોમવારે જાહેર થયેલી પ્રદેશ કારોબારી પર એ મુજબ ફોકસ આપવામાં આવ્યુ છે.

કારોબારીમાં વજુભાઈવાળાનો સમાવેશ કરાયો છે. દાયકા બાદ વજુભાઈવાળાની સક્રિયતા રાજકારણમાં ફરી જોવા મળશે. તો સાંસદ પરશોત્તમ રૂપાલા, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ, પૂર્વ મંત્રી આરસી ફળદુ, પૂર્વ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ મંત્રી પ્રદિપસિંહ જાડેજા, પૂર્વ મંત્રી દિલીપ સંગાણી અને સાંસદ નરહરી અમીન સહિતને સ્થાન અપાયુ છે. દર્શનાબેન જરદોશ, ભાનુબેન બાબરીયા, ગૌતમ શાહ , ઋત્વીજ પટેલ સહિતના દિગ્ગજોને નવી ટીમમાં સ્થાન મળ્યુ છે. તો બીજી તરફ પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાની બાદબાકી કરવામાં આવી છે. તો બીજી તરફ સાબરકાંઠા જિલ્લાના ભાજપના નેતા તખતસિંહ હડીયોલ, પૃથ્વીરાજ પટેલ સહિતનાઓની બાદબાકી કરી તેમની જગ્યા ઉપર ગજેન્દ્ર સકસેના અને પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણના નામનો ઉમેરો કરવામાં આવ્યો છે.

સુરત શહેરમાંથી પૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશ અને હેમાલીબેન બોઘાવાલાને સ્થાન મળ્યુ છે. તો બીજી તરફ રાજકોટના રાજકારણમાં જેમનુ મોટુ નામ છે તેવા ભાનુબેન બાબરીયા અને ધનસુખ ભંડેરીને કારોબારીમાં સમાવાયા છે. જયારે અમદાવાદમાંથી યુવા નેતા ડો. ઋત્વિજ પટેલ, પૂર્વ મેયર ગૌતમભાઈ શાહ અને બીજલબેન પટેલ જેવા અનુભવી ચહેરાઓને સ્થાન મળ્યુ છે. જયારે ઉત્તર ગુજરાતમાંથી જયરાજસિંહ પરમાર અને નીતિનભાઈ પટેલનો સમાવેશ કર્યો છે. જયારે મધ્ય- દક્ષિણ ગુજરાતમાંથી મીનીષાબેન સુથાર અને હર્ષદ વસાવાની પસંદગી કરવામાં આવી છે. જયારે ગાંધીનગરમાંથી દુષ્યંતભાઈ પંડયા અને અનિતાબેન પરમારનો સમાવેશ કરાયો છે.

નવા પ્રદેશ પ્રમુખ નેતાઓએ જુની કારોબારીમાંથી અનેક નેતાઓની બાદબાકી કરી છે. જેમાં કુલ ૩૯ નેતાઓને કાપવામાં આવ્યા છે. તેમજ ૧૯ મહિલા નેતાઓનો કારોબારીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જગદીશ વિશ્વકર્માની નવી ટીમ સામે અનેક પડકારો છે. ખાસ કરીને સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ આવી રહી છે. આ ઉપરાંત વિધાનસભાની ચુંટણી પણ આવી રહી છે. આવામાં આ ટીમ અત્યાર થી માર્કેટમાં ઉતરશે તો જ ચુંટણીમાં તેની અસર જોવા મળશે. નવી ટીમ દ્વારા આગામી રાજકીય પડકારો અને ચુંટણીલક્ષી રણનીતીને ધ્યાનમાં રાખીને સંગઠનને ચુસ્ત બનાવવાનો સંકેત આપ્યો છે.

# દસાડાના ભાજપના ધારાસભ્ય પી કે પરમારે મતવિસ્તારની પ્રજાનો રોષ પારખી લઈ ભાગવુ પડયું: કહ્યું ચુંટણી જીત્યા પછી હવે દેખાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરેલ ગામમાં પ્રાથમિક સુવિધાઓ નહી મળતા ગ્રામજનોમાં ધારાસભ્ય અને તંત્ર સામે તીવ્ર અસંતોષ જોવા મળ્યો હતો. દસાડા વિધાનસભા મતવિસ્તારમાં ભાજપના ધારાસભ્ય પી કે પરમાર સામે ફરી એકવાર જનતાનો ભારે રોષ જોવા મળ્યો હતો. પ્રજાના મતવિસ્તારના લોકો નો રોષ પારખી ગયેલા નેતાએ ભાગવુ પડયુ હતું. પાટડી તાલુકાના સુરેલ ગામમાં નવનિર્મિત પંચાયત ઘરના લોકાર્પણ પ્રસંગે થયેલા ધારાસભ્યનો એક જાગૃત નાગરીકે ભરી સભામાં ઉધડો લીધો હતો. ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો કે



ચુંટણી જીત્યા બાદ ધારાસભ્ય કયારેય ગામની મુલાકાતે આવ્યા નથી અને હવે માત્ર ફોટા પડાવવા માટે લોકાર્પણના કાર્યક્રમોમાં હાજરી આપી રહ્યા છે. આ ઘટનાનો વિડીયો સોશીયલ મીડીયા પર વાયરલ થતા રાજકીય ગરમાવો આવી જવા પામ્યો હતો. સભા દરમિયાન જયારે નાગરીકે પ્રશ્નો પુછયા ત્યારે ધારાસભ્યના ખાસ ગણાતા સ્થાનિક આગેવાન જેઠાભાઈ સોમેશ્વરાએ પ્રશ્ન પુછનાર વ્યકિતને ધકકા મારી બહાર કાઢવાનો પ્રયાસ કરતા મામલો વધુ બિચકયો હતો. સુરેલ ગામ સહિત દસાડા પંથકમાં ખેડુતો અને સામાન્ય જનતામાં પ્રાથમિક સુવિધાઓને લઈને તીવ્ર અસંતોષ છે. ગ્રામજનોનુ કહેવુ છે કે જે કામો અગાઉના શાસનમાં મંજુર થયા હતા તે જ રૂટીંન કામો અત્યારે થઈ રહ્યા છે. પરંતુ વાસ્તવિક જમીની પ્રશ્નો ઉકેલાતા નથી. દસાડા વિધાનસભામાં અવાર નવાર ધારાસભ્યનો વિરોધ સત્તા પક્ષના કાર્યકરો અને જનતા દ્વારા થઈ રહયો છે. જે ભાજપ માટે આવનારી વિધાનસભાની ચુંટણીઓમાં ચિંતાનો વિષય બન્યો છે.

# વિધાનસભા સત્ર પહેલા ગોપાલ ઈટાલીયાની અનોખી અપીલ: રાજયની પ્રજાને આપ્યું ખુલ્લુ આમંત્રણ કહ્યું આવતા ૩ દિવસોમાં સુચનો મોકલી આપો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાનુ શિયાળુ સત્ર ૧૬ મી ફેબ્રુઆરીથી શરૂ થવા જઈ રહ્યુ છે. આ સત્ર પહેલા વિસાવદરના ધારાસભ્ય અને આમ આદમી પાર્ટીના પ્રમુખ ગોપાલ ઈટાલીયાએ પોતાના મતવિસ્તારના તેમજ જુનાગઢ, ભેંસાણ અને આસપાસના વિસ્તારોના લોકોને એક અનોખી અપીલ કરી છે. તેમણે જનતાને સીધા સંપર્કમાં આવવા અને પોતાના વિસ્તારની સમસ્યાઓ, સુચનો, રજુઆતો અને મુદ્દાઓ ઈ-મેઈલ દ્વારા મોકલવા વિનંતી કરી છે.



ગોપાલ ઈટાલીયાએ વિડીયો સંદેશમાં તમારા દ્વારા મોકલવામાં આવેલા દરેક મુદ્દા પર હું અભ્યાસ કરીશ અને જે વિષયો ગુજરાતના કરોડો લોકોને લાગુ પડતા હશે તેને વિધાનસભામાં ઉઠાવવા પુરતો પ્રયત્ન કરશી. વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે ઈ-મેઈલ પર સુચનો મોકલી આપો, ગોપાલ ઈટાલીયાએ પ્રજાને સરળતાથી સંપર્ક કરવા માટે ઈ-મેઈલ આઈડી આપી છે. gopal. visavadar@ gmail.co. (mailto.gopal. visavadar @gmail.com) લોકો આ ઈમેઈલ પર પોતાના પ્રશ્નો, સમસ્યાઓ, સુચનો, રજુઆતો અને વિસ્તાર સંબંધીત કોઈપણ મુદ્દો મોકલી શકે છે. ધારાસભ્યએ વચન આપ્યુ છે કે તમારા દ્વારા મોકલાયેલા દરેક મુદ્દા પર તેઓ વ્યકિતગત રીતે અભ્યાસ કરશે અને જે મુદ્દાઓ રાજયવ્યાપી અસર કરતા હશે તેને વિધાનસભામાં ઉઠાવવા પુરતો પ્રયાસ કરશે. ગોપાલ ઈટાલીયાનો વિડીયો સંદેશ તમારા મુદ્દા મારા માટે મહત્વના છે. વિડીયો સંદેશમાં ગોપાલ ઈટાલીયાએ કહ્યુ વિસાવદર, ભેંસાણ અને જુનાગઢ તાલુકાના તમામ લોકોને મારી વિનંતી છે કે જો તમારી પાસે કોઈ સુચન, માર્ગદર્શન , મુદ્દો , રજુઆત કે આંકડાકીય માહિતી હોય તો આવતા ૩ દિવસમાં મને મોકલી શકો છો. હું તમારા દ્વારા મોકલાયેલા દરેક મુદ્દા પર અભ્યાસ કરીશ અને ગુજરાતના કરોડો લોકોને લાભ થાય તેવા મુદ્દાઓને વિધાનસભામાં રજુ કરવા પુરતો પ્રયત્ન કરશી. આ પહેલથી ગોપાલ ઈટાલીયાએ એકવાર સાબિત કર્યુ છે કે તેઓ જનતાના સાચા પ્રતિનિધિ છે અને લોકોની સમસ્યાઓને પોતાની પ્રાથમિકતા માને છે.

# વડોદરામાં અસલી પોલીસને શરમાવે તેવો નકલી પીએસઆઈ ઝડપાયો: કારમાં વર્દી લટકાવી રોફ મારતો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં આવેલા વૈભવી બંગલોમાંથી નકલી પીએસઆઈને વડોદરા એસઓજીએ ઝડપી લીધો છે. પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે પોતાની ઓળખ આપીને લોકો સાથે ઠગાઈ કરતો હતો. તેની પાસેથી ખોટા પોલીસના આઈકાર્ડ, પોલીસ યુનિફોર્મ તથા વિવિધ સરકારી અને ખાનગી કચેરીઓના ડુપ્લીકેટ સિકકાઓ અને આવકના દાખલા મળી આવ્યા હતા. આ સાથે જ પોલીસે તેની પાસેથી એરગન પણ જપ્ત કરી છે. જેના આધારે વડોદરા એસઓજી એ જે પી રોડ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા એસઓજીના પીઆઈ એસ ડી રાતડાના માર્ગદર્શન અને મળેલી બાતમીના આધારે વડોદરા શહેરના વાસણા તાંદલજા રોડ પર આવેલા અલકબીર બંગલા નં.૩ માં રેડ કરવામાં આવી હતી. આ સમયે ઘરનો દરવાજો આરોપીની પત્નીએ ખોલ્યો હતો. પોલીસે આરોપી વિશે પુછતા તે ઘરમાં હોવાની વાત કરી હતી. જેથી પોલીસ તેના ઘરમાં પ્રવેશી હતી અને રેડ દરમિયાન મોબીન ઈકબાલભાઈ સોદાગર (ઉ.વ.૩૮) નામનો શખ્સ મળી આવ્યો હતો. તેના બંગલાના કંમ્પાઉન્ડમાં નંબરપ્લેટ વગરની સફેદ કલરની ક્રેટા ગાડી તથા બહાર નંબરપ્લેટ વગરની અર્ટીગા ગાડી પાર્ક કરેલી મળી આવી હતી. પોલીસે બંને કારમાં તપાસ કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. બંને કારમાંથી પોલીસના નકલી આઈકાર્ડ, યુનિફોર્મ અને સિકકા સહિતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. મોબીન પોતાને પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે રજુ કરીને જમીન લે-વેચના ધંધામાં દમ મારીને વ્યવહારોમાં મોટા તોડ કર્યા હોવાનુ પોલીસ તપાસમાં બહાર આવ્યુ હતું. તેણે પોતાની ગાડીઓમાં પોલીસનો ખાખી ડ્રેસ લટકાવી રાખ્યો હતો અને પોતાના નામ / ફોટાવાળા ડુપ્લીકેટ પીએસઆઈ આઈકાર્ડ નો ઉપયોગ કર્યો હતો.પોલીસે બાતમીના આધારે રેડ કરીને નકલી પીએસઆઈને ઝડપી લીધો હતો. આરોપીએ રાજય સેવક ન હોવા છતાં પોલીસ અધિકારી તરીકેના ખોટા બોગસ દસ્તાવેજો બનાવીને ઠગાઈ અને વિશ્વાસઘાત કર્યો હોવાથી જેપી રોડ પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. આરોપીની પુછપરછમાં મોટા ખુલાસા પણ થઈ શકે છે. તેણે પીએસઆઈની ખોટી ઓળખ આપીને કોની કોની સાથે ઠગારી કરી , કેટલા ગુન્હા આચર્યા છે તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે. આરોપી પાસેથી કબ્જે કરાયેલ મુદ્દામાલમાં (૧) પોલીસ ઈન્સ્પેકટરનો યુનિફોર્મ અને પીએસઆઈના ૨ આઈકાર્ડ ૧ એરગન (૨) વિવિધ વ્યકિતઓના નામના ૨૨ આધારકાર્ડ, પાનકાર્ડ, ચુંટણીકાર્ડ, ડીસીબી એલટીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, વાહનોની આરસી બુક મળી આવી હતી.(૩) ૨૨ સરકારી અને અર્ધ સરકારી તથા ખાનગી કચેરીઓના ગોળ સિકકા અને હોદ્દાના સિકકા મળી આવ્યા હતા. એસઆઈટી ગાંધીનગરના એસપી સહિતના સિકકાનો સમાવેશ થાય છે. (૪) આવકના ૩ દાખલા (૫) લેપટોપ (૬) ૩ મોબાઈલ ફોન (૭) ૧ હજાર રૂપીયા રોકડા (૮) ૨ ફોરવ્હીલર વાહન જેની કિંમત ૨૬ લાખ ૪૨ હજાર

# જયપુરમાં ભાજપના કોર્પોરેટરે ૪૫૦ મુસ્લીમ મતદારોના નામ કાઢવા કહ્યું: ૪૫૦ મતદારોના નામ ટ્રાન્સફર લખીને દુર કરવા દબાણ હોવાનો શિક્ષકનો આરોપ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજસ્થાન સહિત દેશભરના અનેક રાજયોમાં વિશેષ સધન સમિક્ષા માટેની અંતિમ તારીખ સોમવારે સમાપ્ત થઈ ગઈ છે. જો કે ગુલાબી શહેર તરીકે ઓળખાતા જયપુરનો એક વાયરલ વિડીયો સમગ્ર પ્રક્રિયા પર પ્રશ્નાર્થ ઉભો કરી રહ્યો છે. એક બીએલઓનો વાયરલ વિડીયો માત્ર હેડલાઈન્સ જ નહી પરંતુ સરપ્રક્રિયાની નિષ્પક્ષતા પર પણ પ્રશ્નો ઉભા કરે છે. આ વિડીયોમાં જયપુરના હવામહલ વિધાનસભા મતવિસ્તારના બીએલઓ તરીકે કાર્યરત સરકારી શિક્ષક કિર્તિકુમાર સ્થાનિક ભાજપ કાઉન્સિલર સાથે ફોન પર વાત કરતા જોવા મળે છે. તે કાઉન્સિલરને કહે છે કે તે કોઈ ચોકકસ સમુદાયના લોકોના નામ અન્યાય રીતે કાઢી નાખશે નહી, જો દબાણ લાવવામાં આવશે તો તે એસડીએમ ઓફીસમાં ભુખ હડતાળ પર જશે. જો હજુ પણ દબાણ લાવવામાં આવશે તો તે



કલેકટર ઓફીસમાં આત્મહત્યા કરશે. વાયરલ વિડીયોમાં તે વારંવાર કહેતો જોવા મળે છે કે તે કઈ ખોટુ કરશે નહી અને મનસ્વી રીતે વિસ્તારમાં રહેતા લોકોના નામ કાઢી નાખશે નહી, આ વિડીયો ૩ દિવસ પહેલાનો હોવાનુ કહેવાય છે. જે બીએલઓનો વિડીયો વાયરલ થઈ રહ્યો છે તેનુ નામ કિર્તિકુમાર છે. તે મુળ શિક્ષક છે, તે જયપુર હેરીટેજ મ્યુનિસીપલ કોર્પોરેશનના વોર્ડ નં. ૧૩ ના ભાજપ કાઉન્સિલર સુરેશ સૈની સાથે ફોન પર વાતચીત કરી રહ્યો હતો. બીએલઓ કિર્તિકુમાર નો દાવો છે કે કાઉન્સિલર તેમના બુથમાંથી આશરે ૪૫૦ મુસ્લીમ મતદારોના નામ દુર કરવા માટે તેમના પર દબાણ કરી રહ્યા હતા. દાવો કરવામાં આવી રહ્યો છે કે કાઉન્સિલર મતદારોના નામની બાજુમાં ટ્રાન્સફર લખીને યાદીમાંથી દુર કરવા માંગતા હતા. વાયરલ વિડીયોમાં તેઓ કાઉન્સિલરને કહેતા સ્પષ્ટપણે સાંભળી શકાય છે કે તેઓ કંઈ ખોટુ નહી કરે, ભલે તે તેમને સસ્પેન્ડ કરે, વાતચીત દરમિયાન તેઓ ગુસ્સે થઈ જાય છે અને કહે છે કે જો તેમના પર વધુ દબાણ કરવામાં આવશે તો તેઓ કલેકટરની ઓફીસ જશે અને ત્યાં આત્મહત્યા કરશે.

જો કે આ વાયરલ વિડીયોએ હવે રાજસ્થાનમાં રાજકીય હોબાળો મચાવ્યો છે. કોંગ્રેસના ધારાસભ્ય એ આ મામલે સરકારી અધિકારીઓ અને ચુંટણીપંચ પર નિશાન સાધ્યુ છે. તેમણે કહ્યુ કે આ ખુબ જ ગંભીર મામલો છે અને આ કેસમાં કડક કાર્યવાહી થવી જોઈએ. આનાથી સમગ્ર એસઆઈઆર નો પર્દાફાશ થયો છે. તો બીજી તરફ રાજસ્થાન સરકારના મંત્રી ગૌતમ ડાકે કહ્યુ છે કે આ મામલે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તપાસ ના રીપોર્ટના આધારે જ કંઈ કહી શકાય. તપાસ પુર્ણ ન થાય ત્યાં સુધી કંઈ કહેવુ અયોગ્ય છે. વિડીયો વાયરલ થયા બાદ અધિકારીઓએ બીએલઓ કિર્તિકુમારને ઠપકો આપ્યો હતો. ઠપકા બાદ કિર્તિકુમાર ઔપચારીક રીતે બોલવાનુ ટાળી રહ્યા છે.

# ગુજરાતમાં ભાજપનુ વર્ચસ્વ અકબંધ: વિપક્ષમાં આમ આદમી પાર્ટી મારી શકે છે બાજી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની આગામી ચુંટણીને હજુ દોઢ વરસનો સમય બાકી છે પરંતુ રાજયના રાજકીય સમીકરણોમાં મોટા ફેરફારના સંકેતો મળી રહ્યા છે. તાજેતરમાં ૪૦ હજાર થી વધુ લોકો પર કરવામાં આવેલા એક રાજકીય સર્વે મુજબ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનુ વર્ચસ્વ હજુ પણ અકબંધ છે. પરંતુ સૌથી મોટો ઉલટફેર વિપક્ષી હરોળમાં જોવા મળી શકે છે. સર્વે ના અંદાજ મુજબ અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી




કોંગ્રેસને પછાળીને રાજયની મુખ્ય વિપક્ષ પાર્ટી તરીકે ઉભરી શકે છે. સર્વે મુજબ ભાજપને રાજયમાં ૪૯.૫ ટકા વોટ શેર મળવાની ધારણા છે. જે દર્શાવે છે કે સત્તાધારી ભાજપ પક્ષ સામે હાલમાં કોઈ મોટો પડકાર નથી, જો કે મુખ્ય વિપક્ષની લડાઈમાં આમ આદમી પાર્ટી ૨૪.૮ ટકા વોટ શેર મેળવીને બીજા ક્રમે રહી શકે છે. જયારે દેશની સૌથી જુની પાર્ટી કોંગ્રેસ માત્ર ૧૭.૩ ટકા વોટ શેર સાથે ત્રીજા ક્રમે ધકેલાય તેવી શકયતા છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર કચ્છ ક્ષેત્રમાં આમ આદમી પાર્ટી ૨૮ ટકા મત મેળવીને અત્યંત મજબુત પ્રદર્શન કરી શકે છે. જયાં કોંગ્રેસ માત્ર ૧૬ ટકા પર અટકી શકે છે.

વિભાગવાર આંકડા જોઈએ તો ઉત્તર ગુજરાતમાં ભાજપ ૫૧ ટકા સાથે મોખરે છે. જયારે મધ્ય ગુજરાતમાં ભાજપનો પ્રભાવ સૌથી વધુ ૫૫ ટકા જોવા મળ્યો છે. મધ્ય ગુજરાતમાં પણ આમ આદમી પાર્ટી ૧૯ ટકા સાથે કોંગ્રેસ ૧૮ ટકા ને પાછળ છોડી દેશે તેવો અંદાજ છે. દિલ્હીમાં સત્તા ગુમાવ્યા બાદ કેજરીવાલ માટે ગુજરાતના આ સર્વેના પરીણામો સંજીવની સમાન સાબિત થઈ શકે છે. જો કે ૮.૦૪ ટકા લોકો હજુ પણ અનિર્ણિત છે, જે છેલ્લી ઘડીએ બાજી પલ્ટી શકે છે. પલડુ આમ આદમી પાર્ટી તરફ જાય છે કે પછી ભાજપ તરફ જાય છે તે છેલ્લે ખબર પડશે.

# માયાભાઈ આહીર ના દિકરા પર ગાડીઓ કસાશે: બગદાણા વિવાદમાં સેવકે એસઆઈટીને આપ્યા જયરાજ આહીર વિરૂધ્ધ

પ્રતિનિધિ,ગાંધીનગર

બગદાણાના સેવક નવનીત બાલધીયા પર હુમલાની ઘટનામાં ફરીયાદીને તેડુ આવ્યુ હતુ, એસઆઈટી દ્વારા નવનીત બાલધીયાને વિશિષ્ટ નિવેદન આપવા માટે રેન્જ આઈજી ઓફીસે બોલાવવામાં આવ્યા હતા. નવનીત બાલધીયાએ એસઆઈટીને ૧૫ પુરાવા સુપ્રત કર્યા હોવાનુ જણાવ્યુ હતું.



ભાવનગરના બગદાણાના સેવક નવનીત બાલધીયા ઉપર ૨૯ ડીસેમ્બર ના રોજ ૮ ઈસમો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. જે ઘટનાના પગલે ભાવનગર સહિત સમગ્ર રાજયના કોળી સમાજમાં આક્રોશ સાથે વિરોધ કરવામાં આવ્યો હતો.

હુમલાનો ગુન્હો નોંધાતા મહુવા પોલીસે ૮ આરોપીઓને ઝડપી પાડયા હતા અને ત્યારબાદ રાજય સરકારની સુચનાથી ભાવનગર રેન્જ આઈજી ગૌતમ પરમાર દ્વારા આ બનાવ અંગે એસઆઈટી ટીમની રચના કરવામાં આવી હતી.

એસઆઈટી ની તપાસ દરમિયાન આ બનાવમાં વધુ બે આરોપીઓ ઝડપી લેવામાં આવ્યા હતા, જયારે ગઈ કાલે પણ એક આરોપીને ઝડપી લઈ પુછપરછ હાથ ધરી હતી. ત્યારે હવે આજે ભાવનગર રેન્જ ઓફીસ ખાતે આ બનાવના ભોગ બનનાર નવનીત બાલધીયા ને વિશિષ્ટ નિવેદન માટે આઈજી ઓફીસ ખાતે બોલાવવામાં આવ્યા હતા. એસઆઈટી ની ટીમે સતત ૩ કલાક સુધી નવનીત બાલધીયાની પુછપરછ કરી નિવેદન નોંધાવ્યુ હતું. ૧૭ જાન્યુઆરીએ એસઆઈટી એ પીઆઈ ડી વી ડાંગર અને પીઆઈ કે એસ પટેલને પુછપરછ માટે આઈજી ઓફીસ બોલાવ્યા હતા અને ૯ કલાક પુછપરછ ચાલી હતી.

જયારે એસઆઈટી દ્વારા પુછપરછ બાદ નવનીત બાલધીયાએ મીડીયા સમક્ષ નિવેદન આપતા જણાવ્યુ હતુ કે માર મારવાનુ ષડયંત્ર રચનાર મુખ્ય આરોપી જયરાજ આહીર વિરૂધ્ધ મે ૧૫ પુરાવા એસઆઈટી ને રજુ કર્યા છે.

મે આપેલા પુરાવા મુજબ જો એસઆઈટી આ દિશામાં તપાસ કરશે તો મને ન્યાય ચોકકસ મળશે, મને એસઆઈટી દ્વારા કરવામાં આવી રહેલી તપાસ પર વિશ્વાસ છે. હવે આ કેસમાં પીડીતના જણાવ્યા મુજબ મુખ્ય આરોપીનુ નામ દાખલ થશે કે કેમ તે હવે જોવુ રહ્યું. ભાવનગરના બગદાણાના સેવક ને માર મારવા મામલે વધુ એક આરોપી ઝડપાયો હતો.

મહુવા તાલુકાના કોદીયા ગામેથી દિનેશ ઉર્ફે દાદુ લોમાભાઈ સોલંકીને ઝડપી લઈ મેડીકલ ચેકઅપ માટે ભાવનગર હોસ્પીટલ લવાયો હતો. આમ બગદાણા નવનીત બાલધીયા પ્રકરણમાં આજ સુધીમાં કુલ ૧૧ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે. આ પ્રકરણમાં રેન્જ આઈજી દ્વારા એસઆઈટી ની રચના કરી હતી. આ કેસમાં અગાઉ ૧૦ આરોપીઓને ઝડપી લેવાયા છે. કેસમાં આજે વધુ એક ઈસમનુ નામ ખુલતા પોલીસે કોદીયા ગામેથી એક શખ્સને ઝડપી લીધો હતો.

# ૨૮ મી ટેલેન્ટ સર્ચ ટેસ્ટ : હોલ ટીકીટ ડાઉનલોડ કરવાનુ શરૂ : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાશે પરીક્ષા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તારીખ ૨૮ ના રોજ ટેલેન્ટ સર્ચ ટેસ્ટ (પ્રખરતા શોધ પરીક્ષા) દર વરસે લેવામાં આવતી હોય છે અને તેમાં ઉતીર્ણ થતા વિદ્યાર્થીઓને સરકારી સ્કોલરશીપ આપવામાં આવતી હોય છે. સરકારી શાળાના વિદ્યાર્થીઓને આ પરીક્ષામાં ફી ભરવા માટે મુકિત




આપવામાં આવી છે. પરંતુ અન્ય વિદ્યાર્થીઓએ ફી ભરવી પડે છે. એકઝામ માટે તારીખ ૧૫ થી ૩૦ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન ઓનલાઈન આવેદનપત્રો સ્વીકારવામાં આવ્યા હતા. નિયત સમય મર્યાદા પછી પણ ઘણા વિદ્યાર્થીઓ ફોર્મ ભરી શકયા નથી તેવી શાળા કક્ષાએથી રજુઆત થયા પછી ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરીને ૧૨ ડીસેમ્બર ૨૦૨૫ સુધી રાખવામાં આવી હતી. ફોર્મ ભરવાની પ્રક્રિયા પુરી થયા પછી હવે હોલ ટીકીટ ડાઉનલોડ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ પરથી હોલ ટીકીટ ડાઉનલોડ કરી શકાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ આર આર વ્યાસે આ સંદર્ભે તમામ શાળાઓને એક પરીપત્ર પાઠવીને જણાવ્યુ છે કે ઓનલાઈન ડાઉનલોડ કરેલ ટીકીટ પર વિદ્યાર્થીની સહી, વર્ગશિક્ષકની સહી અને શાળાના આચાર્યની સહી તથા સિકકો મારીને વિદ્યાર્થીઓને આપવાની રહેશે.